જુલાઈ ૨૦૨૪

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦




કર્મના બધા ગોટા આવે ને,
ત્યારે ગૂંગળામણ થાય,
ત્યારે **'દાદા ભગવાનના
અસીમ જય જયકાર'** બોલો.
એક કલાક બોલાવીએ તો
બધી ગૂંગળામણ ઊડી જાય હડહડાટ.
એટલે ચિંતા ના થાય.
નિરંતર સમાધિ રહે આ માર્ગે.
આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત કરે આ !



# સુરત   તા. ૯ થી ૧૨ મે ૨૦૨૪

પૂજ્યશ્રી દીપકભાઈના ૭૧મા જન્મદિવસની ઉજવણી



મહાત્માઓના આશીર્વાદ લેતા પૂજ્યશ્રી



કેક કટીંગ




નાટક





સત્સંગ - જ્ઞાનવિધિ






ઈન્ફોર્મલ સત્સંગ



દર્શન



માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પૂજ્યશ્રીના આશીર્વાદ લેતા

## સુરત ત્રિમંદિરનું ખાત મુહૂર્ત : તા. ૧૭ મે ૨૦૨૪



વર્ષ : ૨૯, અંક : ૧૧
સળંગ અંક : ૩૪૭
**જુલાઈ ૨૦૨૪**
પાનાં : ૩૨

**Editor : Dimple Mehta**
© 2024
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન : 9328661166-77**
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## અસીમ જયકારા : કેશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન

### સંપાદકીય

આ પંચમ આરામાં જગત આખું ત્રિવિધ તાપથી સળગી રહ્યું છે ! આધિ-વ્યાધિ-ઉપાધિમાં સપડાયું છે. કોઈકને શારીરિક વ્યાધિ, તો કોઈકને માનસિક આધિ તો કોઈને બહારથી આવી પડેલી ઉપાધિ ! શું આ કાળમાં સંસારમાં કોઈ મુશ્કેલી-અડચણો વગર હોઈ શકે ? ચારે બાજુથી ટેન્શન-ચિંતા એવા આ કાળમાં અક્રમ વિજ્ઞાની દાદા ભગવાન (દાદાશ્રી) કહે છે કે ૧૯૫૮થી અમને જ્ઞાન થયું ત્યારથી હું મુક્ત જ છું, વિધાઉટ ટેન્શન કે દુઃખ ! અને સાથે ગેરેન્ટી આપે છે કે તમારા તમામ દુઃખો-તકલીફો લેવા હું આવ્યો છું, અમને સોંપી દેજો અને સુખ તમારી પાસે રહેવા દેજો.

જ્ઞાન મળ્યા પછી સ્વરૂપની જાગૃતિ માટે અને સંસારમાં વ્યવહાર પૂરો કરવા પાંચ આજ્ઞા જ મુખ્ય છે, કિંતુ કર્મોના વાવાઝોડા વખતે બુદ્ધિ પાંચ આજ્ઞા પાળવા ના દે, ત્યારે કર્મોના ગૂંચવાડામાં પોતે ગૂંગળાય છે. તેવા સમયે દાદાશ્રી કહે છે કે સંસારી અડચણો વખતે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલજો, તો બધી મુશ્કેલીઓ એને ઘેર જતી રહેશે, આવરણો તૂટતા જશે અને અંતઃકરણ ચોખ્ખું થતું જશે. એક કલાક બોલાવીએ તો બધી ગૂંગળામણ ઊડી જાય હડહડાટ અને કષાયો બંધ થાય. ફેમિલીમાં બધા સાથે મળીને કરે તો કાયમી શાંતિ થાય અને બાળકોમાં સંસ્કાર સિંચન થાય.

પ્રસ્તુત અંકમાં 'દાદા ભગવાનના અસીમ જય જયકાર'નું મહત્વ સમજાવતા દાદાશ્રી કહે છે કે આપણે જે કીર્તન કરીએ છીએ એ જ્ઞાની પુરુષની અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનની કીર્તનભક્તિ કરીએ છીએ. અમારી મહીં જે પ્રગટ થયા છે એ જ તમારી મહીં 'દાદા ભગવાન' બેઠા છે. અમારી મહીં પ્રગટ થઈ ગયેલા છે, જ્યારે તમારા પ્રગટ થવાના બાકી છે. તમે પોતેય ભગવાન છો, તમને તેનું ભાન થઈ જાય તો પછી બધો ઉકેલ આવે. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલે એ વૈજ્ઞાનિક જ છે, કારણ કે આ જગતમાં કોઈ વસ્તુ એવી નથી કે શબ્દ બોલવાથી જ આવો ભરપટ્ટ આનંદ થાય. આ બોલવાથી પોતે જાગૃત થઈને પોતાના મહીં બેઠેલા ભગવાનની સ્વરૂપ કીર્તનભક્તિ થાય છે. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એ સિન્સિયારિટી સાથે બોલાય એ મોટો પુરુષાર્થ છે.

આ દુષમકાળમાં મુશ્કેલી તો આવ્યા કરવાની, તેવા સમયે દાદાશ્રી હિંમત આપતા મહાત્માઓને કહે છે કે દાદાઈ બેંક ખુલ્લી છે, માટે 'દાદા'ની કૃપાથી મનના, વાણીના, દેહના રોગોના, સર્વ પ્રકારના દુઃખોનો-અંતરાયોનો અંત આવશે. આ જ્ઞાન અને દાદા ભગવાનની કીર્તનભક્તિથી સંસાર અને મોક્ષનું સઘળું કામ પાર પડશે. મહાત્માઓ માટે કપરા સમયે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' આ એક માત્ર રોકડું સાધન છે, 'ધીસ ઈઝ ધ કેશ બેંક ઓફ ડિવાઈન સોલ્યુશન' !

**જય સચ્ચિદાનંદ.**

# અસીમ જયકારા : કેશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન

## ચિંતા-વરીઝ, ત્યાં ઝાલી રોંગ બિલીફો

**પ્રશ્નકર્તા :** મગજ ઉપર હમણાં ટેન્શન રહ્યા કરે છે.

**દાદાશ્રી :** ટેન્શનમાં બધી રીતના તણાવ હોય. નોકરીનું ઠેકાણું નહીં પડે, તો શું થશે ? એક બાજુ બૈરી માંદી છે, તેનું શું થશે ? છોકરો સ્કૂલમાં બરાબર જતો નથી, તેનું શું ? આ બધો તણાવ, એને ટેન્શન કહેવાય. ટેન્શન થાય તો મગજ બગડે. જ્યારે ત્યારે ટેન્શન વગરના થવાનું છે.

**પ્રશ્નકર્તા :** અંદરખાને એવી ખબર પડે છે કે આ ખોટું થઈ રહ્યું છે, મગજ પર ખોટું ટેન્શન છે, આનાથી તબિયત વધારે બગડશે. એવી જાગૃતિ રહ્યા કરે છે, પણ પછી પાછું કન્ટિન્યુઅસ (સતત) રહે છે.

**દાદાશ્રી :** તારી બુદ્ધિ જરા વધારે કામ કરે છે, તેથી અમે તને કહીએ છીએ. બહુ ચેતવા જેવું છે. એ ટેન્શન તો ખલાસ કરી નાખે. (પણ) આવું જ્ઞાન મળેલું છે, તેય પછી જતું રહે. પછી ફરી કંઈ તાલ ખાશે નહીં.

ટેન્શન માણસને ખલાસ કરી નાખે અને આ જ્ઞાન ના હોય તો ટેન્શન છે જ બધું. જગત વ્યથિત જ છે ને !

એટલે સમજવાની જ જરૂર છે. ભૂતકાળ તો ગયો ને વર્તમાનમાં રહેવાનું. વર્તમાનમાં રહેવાય કે ના રહેવાય ? અમે વર્તમાનમાં જ રહીએ. તેથી લોકો કહે, 'દાદા, તમે ટેન્શન રહિત છો !' મેં કહ્યું, 'શેનું ટેન્શન, મૂઆ ?' વર્તમાનમાં રહે તો ટેન્શન હોતું હશે ? ટેન્શન ભૂતકાળમાં ખોવાઈ જાય તેને હોય. ભવિષ્યનું ગાંડપણ કરે તેને હોય, અમારે ટેન્શન શું ? અને મેં તમને એ જ પદ આપ્યું છે.

અમે જ્ઞાન આપેલું હોય, તેમને તો નિરંતર સમાધિ રહે. જેને શુદ્ધાત્માનું પદ છે, જે નિરંતર સ્વરૂપમાં જ રહે છે, તેને તો દરેક અવસ્થામાં સમાધિ રહે. કારણ કે તે તો પ્રત્યેક અવસ્થાને જુએ અને જાણે.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે, તો પણ ચિંતામાં ને ચિંતામાં જ રચ્યોપચ્યો રહું છું.

**દાદાશ્રી :** તો એનો ઉકેલ તો લાવવો પડશે ને ? આ રોંગ બિલીફોને ક્યાં સુધી ઝાલી રાખીએ ? હવે એ વરીઝ (ચિંતા) ચાખેલી હોય ને, ત્યારે જ આ જગતનો સ્વાદ ખરેખરો માલૂમ પડે છે, નહીં તો ત્યાં સુધી આ જગતનો સ્વાદ સમજાતો નથી ! નરી વરીઝ, વરીઝ, વરીઝ ! માછલાં તેલમાં તળાય એવો તરફડાટ તરફડાટ થઈ રહ્યો છે ! આને લાઈફ (જીવન) કેમ કહેવાય ?

## હોમ ડિપાર્ટમેન્ટમાં ના અડે વાવાઝોડા

**પ્રશ્નકર્તા :** દાદા, હમણાં તો કર્મોનું વાવાઝોડા જેવું આવ્યું છે.

**દાદાશ્રી :** વાવાઝોડા આવે. વાવાઝોડું જતું રહે એ પછી સેફસાઈડ. એટલે બધાને આવે વાવાઝોડું. આ તો વચ્ચે જરા પેલું વાવાઝોડું આવે તો બારણા બંધ કરીને બેસી રહેવું. પણ બે કલાક પછી વાવાઝોડું બંધ થાય એટલે પછી બારણા ઊઘાડીએ. એવી રીતે આપણે ત્યાં વાવાઝોડું આવે તો એક-બે દહાડા તો આપણે બારણા બંધ કરીને મહીં હોમ ડિપાર્ટમેન્ટ (આત્મ સ્વરૂપમાં)માં બેસી રહેવું. અને બહાર ચંચળતા થયા કરશે એ જોયા કરવી. એવું ના બને ?

**પ્રશ્નકર્તા :** એટલે આપણે ધીરજ રાખવાની, સમતા રાખવાની.

**દાદાશ્રી :** આપણે છે તે જોયા કરવાનું ને સમભાવે નિકાલ કરવાનો. અને એ ફાઈલ કહેવાય, વાવાઝોડું આવ્યું તે. સમભાવે નિકાલ કરવાનો એટલે જતું રહે પછી. અને જેટલા છે હિસાબમાં તેટલા જ આવશે, બીજા નહીં આવે.

આ કંઈ ઓછું ગપ્પું છે અહીં આગળ ? આ તો વૈજ્ઞાનિક છે ! અહીં તો કોઈની ડખલેય ના ચાલે. ભગવાનનીય ડખલ ના ચાલે આમાં. વૈજ્ઞાનિક થિયરીમાં ભગવાનની કેમ કરીને ડખલ ચાલે ?

## પોતાના ઘરમાં બેઠા તો છે કશી ચિંતા ?

એટલે એમ કહેલું કે ચિંતા શું કરવા કરો છો વગર કામની ? તમારે તો ફક્ત શું કરવાનું ? વિચાર સહજ ભાવે કરવાના. અને વિચાર એબ્નોર્મલ (પ્રમાણ કરતા વધી) જાય એટલે ચિંતા થઈ કહેવાય. વિચારમાં એબ્નોર્મલ થયું એટલે ચિંતા થાય, ત્યાં બંધ કરી દેવાનું તમારે, ક્લોઝ (બંધ) કરી દેવાનું. જેમ વાવાઝોડું બહુ આવતું હોય તો આપણે બારણા બંધ કરીએ છીએ ને, એવી રીતે મહીં વિચારો એબ્નોર્મલી આગળ ચાલ્યા એટલે બંધ કરી દેવાના, નહીં તો એ પછી ચિંતાના રૂપમાં થઈ જાય. પછી જાતજાતના ભય દેખાડે ને જાતજાતનું દેખાડે. એટલે એ દિશામાં જવાનું જ નહીં. આપણે જરૂરિયાત પૂરતા વિચાર, બાકી બંધ.

**પ્રશ્નકર્તા :** વિચાર બંધ કરવાની સત્તા ખરી ?

**દાદાશ્રી :** ખરી ને ! બધું ખરું. કારણ કે વિચાર તો આવ્યા કરે. આપણે આ બાજુ જોઈએ, પેલી બાજુ એ ફૂટ્યા કરે. આપણે દૃષ્ટિ પેલી બાજુ બદલી નાખીએ એટલે આપણે શું લેવાદેવા ? બધી સત્તા છે. એ નળ બંધ ના થતો હોય તો આપણે બીજી બાજુએ જોઈએ એટલે નળ બંધ થઈ જ ગયો ને ! એને જોઈએ ત્યાં સુધી નળ ચાલુ છે એમ લાગે. એટલે આપણે તો જ્ઞાતા-દ્રષ્ટા થયા એટલે આપણને તો વળી મન હોય જ નહીં ને ! મન તો જ્ઞેય છે, એ તો ગમે એમ ફૂટે.

આ કોના જેવું છે ? જો તમે કોઈના ઘરમાં પેઠા હો તો મહીં ફફડાટ રહે કે ના રહે ? રહે જ. હમણાં કોઈ કાઢી મૂકશે, ધમકાવશે એમ નિરંતર રહ્યા જ કરે. પણ જો પોતાના ઘરમાં બેઠા હો તો છે કશી ચિંતા ? શાંતિ જ હોય ને પોતાના ઘરમાં તો, તેવું છે. ચંદુલાલ તે તમારું ઘર ન હોય. તમે પોતે ક્ષેત્રજ્ઞ પુરુષ છો અને ભ્રાંતિથી પરાયા ક્ષેત્રમાં ક્ષેત્રાકાર થઈ ગયા છો, પરના સ્વામી થઈ બેઠા છો ને પાછા પરના ભોક્તા થઈ ગયા છો. તેથી નિરંતર ચિંતા, ઉપાધિ, આકુળતા અને વ્યાકુળતા રહ્યા કરે છે. પાણીમાંથી બહાર કાઢી નાખેલા માછલાંની જેમ નિરંતર તરફડાટ તરફડાટ રહે છે.

## પોતાના હિસાબનું જગત, ત્યાં શી ચિંતા ?

ભગવાન કહે છે કે ચિંતા કરનારાને બે દંડ છે અને ચિંતા ના કરનારાને એક દંડ છે. એકનો એક જવાન છોકરો અઢાર વર્ષનો મરી જાય તેની પાછળ જેટલી ચિંતા કરે છે, જેટલું દુઃખ કરે છે, માથું ફોડે, બીજું બધું જે જે કરે, તેને બે દંડ છે અને આ બધું ના કરે તો એક જ દંડ છે. છોકરો મરી ગયો એટલો જ દંડ છે અને માથું ફોડ્યું તે વધારાનો દંડ છે. અમે એ બે દંડમાં કોઈ દહાડોય ના આવીએ. એટલે અમે આ લોકોને કહ્યું છે, કે ''પાંચ હજાર રૂપિયાનું ગજવું કપાય એટલે 'વ્યવસ્થિત' કહીને આગળ ચાલવાનું ને નિરાંતે ઘેર જવાનું.''

આ એક દંડ તે આપણો પોતાનો હિસાબ જ છે. માટે ગભરાવાનું કોઈ કારણ નથી. તેથી મેં 'વ્યવસ્થિત' કહ્યું છે, એક્ઝેક્ટ 'વ્યવસ્થિત' છે. માટે જે થઈ ગયું છે એને તો 'બરાબર, કરેક્ટ' એમ કહીએ.

## તું પોતે જ ભગવાન, ત્યાં શી ચિંતા ?

જ્ઞાન કોનું નામ કહેવાય ? સંસારમાં રહે, છોકરાં પૈણાવે, છોડીઓ પૈણાવે, ધંધા કરે, પણ માયા અડે નહીં અને ચિંતા ના થાય, એનું નામ જ્ઞાન કહેવાય. જ્યાં ત્રિવિધ તાપ છે, ત્યાં એ ભગવાનથી લાખો ગાઉ છેટો છે. આધિ-વ્યાધિ, ને ઉપાધિના તાપમાં જે સળગે છે, એ તો ભગવાનનો ભક્ત પણ થયો નથી. જેને ત્યાં ક્લેશ છે એ ભગવાનનો ભક્ત થયો જ નથી. માન્યામાં આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો ને !

**દાદાશ્રી :** ત્રિવિધ તાપ હોય ત્યાં સુધી ભગવાનનો ભક્ત કહેવાય ? આધિ-વ્યાધિ ને ઉપાધિના તાપ જેને લાગતા હોય, એ ભગવાનનો ભક્ત કેમ કહેવાય તે ? જ્યાં સુધી આધિ-વ્યાધિ ને ઉપાધિ છે, ત્યાં સુધી ભક્તિ કેવી રીતે કરે ? એટલે એ દયાજનક સ્થિતિ છે ! આટલા આટલા દર્શન કરતા, આટલી આટલી ભક્તિ કરતાય મહીં આધિ-વ્યાધિ ને ઉપાધિ, જો દુઃખ, દુઃખ ને દુઃખ ! જગત ખળભળી ઊઠ્યું છે આમાં, પેટ્રોલની અગ્નિથી ખળભળી ઊઠ્યું છે !

કોઈ બાપોય તમારો ઉપરી નથી. કોઈ ઉપરી જ નથી, કોઈ બોસ નથી. વગર કામનો ભડક ભડક કરે છે ! અરે, ભગવાનેય તારો ઉપરી નથી. તું પોતે ભગવાન છે, પણ તેનું ભાન થવું જોઈએ. ખાલી વાત જ સમજવાની છે. ચિંતા શેને માટે કરો છો ? એક ક્ષણવાર પણ ચિંતા કરવા જેવું આ જગત નથી.

આ જગતમાં કોઈ પણ એવું કારણ નથી કે જે કિંચિત્‌માત્ર પણ ક્લેશ કરવા યોગ્ય હોય. એટલે મહીં દુઃખ પરિણામ થાય એવું કોઈ કારણ નથી. કારણ કે આત્મા પોતે સુખ પરિણામવાળો છે ! પોતે આત્મા છે, એનું સુખ કોઈ લઈ શકે એવુંય નથી, અવ્યાબાધ સ્વરૂપ છે. જાહોજલાલી છે પોતાની પાસે અને આ પરભારી વસ્તુમાં, 'ફોરેન ડિપાર્ટમેન્ટમાં' એટલું બધું ન રાખવું જોઈએ આપણે. ફોરેન એટલે ફોરેન, ત્યાં સુપરફ્લુઅસ રહેવું !

ભગવાન તો મહીં બેઠા છે તે છે. ખરી 'થિયરી' તો મહીં બેઠા છે તે જ ભગવાન છે. તેનું નામ 'શુદ્ધાત્મા'. તેને ગમે તે નામ આપો, પણ મહીં બેઠેલાની જ તપાસ કરે તો કામ થશે.

## મહાત્માઓ ભગવાન થશે એક દિન

તમે પોતેય ભગવાન છો, પણ તમને તેનું ભાન નથી. પોતાના મનમાં એમ નક્કી થાય કે 'હું ભગવાન છું પણ મને એ પદ જડતું નથી.' એવું જો નક્કી થઈ જાય તો તો પછી વાંધો નથી. આ તો આને શંકા છે, હોઈશ કે નહીં, હોઈશ કે નહીં, હોઈશ કે નહીં...' શાની શંકા છે ? તું ભગવાન જ છે ! તને તારું ભાન જતું રહ્યું છે !

**પ્રશ્નકર્તા :** આપે જે કહ્યું કે અમને બધાને તમે ભગવાન બનાવવા માગો છો, એ તો જ્યારે બનીએ ત્યારે ખરું. અત્યારે નથી થયા ને ?

**દાદાશ્રી :** પણ એ થશે ને, કારણ કે આ અક્રમ વિજ્ઞાન છે ! જે બનાવનારો છે એ નિમિત્ત છે અને બનવાની જેને ઈચ્છા છે, એ બે જ્યારે ભેગા થયા કરશે, તો એ થશે જ ! બનાવનાર ક્લિયર છે અને આપણું ક્લિયર છે, આપણી દાનત બીજી નથી, એટલે એક દહાડો બધા અંતરાય તૂટી જશે ને ભગવાન થઈને ઊભો રહેશે, જે આપણું મૂળ સ્વરૂપ જ છે !

## આજ્ઞાને સિન્સિયર રહી, કામ કાઢી લો

તમારી મહીં 'દાદા ભગવાન' બેઠા છે,

એ જ ચેતન પ્રભુ છે, એ જ પરમાત્મા છે. એ જ અમારી મહીં પ્રગટ થયા છે ને તમારા પ્રગટ થવાના બાકી છે. આ તો ધર્મ નથી, અહીં તો કામ કાઢી લેવાનું છે. ક્યાં સુધી ધર્મશાળાઓમાં બેસી રહેવાનું ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપ કાયમ કહો છો ને, 'તમારું કામ કાઢી લો, તમારું કામ કાઢી લો.' એ અમારે અમારું કામ કેવી રીતે કાઢવું ?

**દાદાશ્રી :** કામ કાઢી લો એટલે અમે જે કહીએ છીએ ને, એ રીતે જ ચાલો. આ કામ કાઢી લો એટલે શું કહીએ છીએ અમે ? અમે એમ નથી કહેતા કે તમે પૂરી જ આજ્ઞા પાળો. એવું રોજ ગા ગા હું કરું નહીં. પણ કામ કાઢી લો એટલે આપણે સમજી જવું કે આપણને આજ્ઞા વધારે પાળવાની કહે છે, આજ્ઞામાં જાગૃત રહેવાનું કહે છે. અમારી આજ્ઞાને સિન્સિયર રહેવું એ તો મોટામાં મોટો, મુખ્ય ગુણ કહેવાય. અમારી આજ્ઞાથી જે અબુધ થયા તે અમારા જેવો જ થઈ જાય ને ! પણ આજ્ઞા જ્યાં સુધી સેવે છે, ત્યાં સુધી આજ્ઞામાં ફેરફાર ના થવો જોઈએ, તો વાંધો ના આવે.

જ્ઞાનથી આજ્ઞા પાળે એટલે બધે પરિણામ પામેલું હોય અને બુદ્ધિથી આજ્ઞા પાળે એટલે પરિણામ પામે નહીં કશું !

## બોલતા, અંતઃકરણ ચોખ્ખું થતું જાય

**પ્રશ્નકર્તા :** આ બુદ્ધિ જે અમને સહજ થવા દેતી નથી, તેને ચોખ્ખી કરવા માટે પાંચ આજ્ઞા સિવાય બીજું કોઈ સાધન ખરું ?

**દાદાશ્રી :** અહીં બધા ડૉક્ટરો ભેગા કર્યા હોય તો 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલે ? કેટલા બોલે ? એકેય ના બોલે. બુદ્ધિ એવી પેસી ગઈ ને, તે શુક્લ અંતઃકરણ ઊડી ગયું !

**પ્રશ્નકર્તા :** એટલે બૌદ્ધિક પરિગ્રહ વધ્યા, બુદ્ધિ વધી એટલે ?

**દાદાશ્રી :** હા, એટલે સહજ થવાની જરૂર છે. બુદ્ધિ થોડીક વધી કે શુક્લ અંતઃકરણ ઊડી જાય. સાથે સાથે પાછા પ્રતિક્રમણ કરવા કે 'મારાથી બોલાતું નથી. કેટલા વખતથી મારે આ બોલવાની ઈચ્છા છે, તો મને આ અંતરાય દૂર કરો.' એમ કરતા કરતા બેસી જશે ને સારી રીતે બોલાશે. તન્મયાકાર થઈને સારી પેઠે બોલાશે.

પોતે જુદો પડ્યો એટલે પોતાની જાત જુદી પાડી. અને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ગાવામાં તન્મયાકાર થાય એટલે મનમાં જે વિચારો આવતા હોય તેય ઊડી જાય ! અંતઃકરણ ચોખ્ખું થતું જાય.

કર્મના બધા ગોટા આવે ને, ત્યારે ગૂંગળામણ થાય, ત્યારે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલો. એક કલાક બોલાવીએ તો બધી ગૂંગળામણ ઊડી જાય હડહડાટ. એટલે ચિંતા ના થાય. નિરંતર સમાધિ રહે આ માર્ગે. આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત કરે આ, છેલ્લું સ્ટેશન !

**પ્રશ્નકર્તા :** એટલે ભણતરથી બુદ્ધિ વધી ને ? તો એ હિસાબે તો અભણ રહેવું સારું ?

**દાદાશ્રી :** હવે આ શી રીતે ખબર પડે લોકોને ? કૃપાળુદેવે એટલું કહ્યું કે શુક્લ અંતઃકરણ. પણ શુક્લ અંતઃકરણ કોને કહેવું એ બધું સમજાય શી રીતે ? મોક્ષમાર્ગ આખો હાર્ટિલી માર્ગ છે. અમારામાં સેન્ટ બુદ્ધિ નથી ત્યારે તો મોક્ષમાર્ગ આખો ખુલ્લો થયો ને !

## કચરો ભરીને લાવ્યા તે શું થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમારી બધી ફિલોસૉફી (તત્ત્વજ્ઞાન) ને ટીચિંગ બધું ગમે છે કે આપ

શીખવાડો છો એ જ્ઞાન ગમે છે, પણ આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' એ બોલવાનું નથી ગમતું, તો શું ? પોતાને દાદા ભગવાનને માટે કાંઈ નથી, પણ એ દાદા ભગવાનના અસીમ જય જયકાર ગાવાનું એ કામનું નથી લાગતું, તો એ શું, દાદા ?

**દાદાશ્રી :** એ બંધ રાખવું આપણે. એ જે આપણને ના ગમતું હોય તે બંધ રાખવું. લોકોને તો બહુ ગમે. પણ હવે તારો મહીં માલ કાચો હોય જુદી જાતનો, તે શું થાય ? કચરો ભરીને લાવ્યા હોય, તે શું થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમારું જ્ઞાન મને ગમે છે. તમે જે જ્ઞાન આપો છો, ટીચિંગ કરાવો છો, આજ્ઞા તમારી ગમે છે પણ...

**દાદાશ્રી :** ના પણ આ એવું છે ને કે ચોખ્ખું નહીં. સહુને ગમ્યું એ ગમે ત્યારે જાણવું કે આ ચોખ્ખો માલ છે. અને એવું ના ગમે, પોતે એક્સેપ્શન, અપવાદ, તે આપણે જાણીએ કે ચોખ્ખો માલ નથી. માલ પ્યોર નથી કમ્પ્લીટ, ડાઘવાળો માલ છે.

## 'આને' હૃદય જ ઓળખે

હવે નાનું છોકરું કોઈ દહાડો કોઈ વસ્તુ જ ના બોલે. ગમે તેવા મંત્રો આપો તોય બોલે નહીં. કારણ કે એને સ્વાદ જ ના આવે ને ! મહીં ફાયદો જ થાય નહીં ને ! અને આ 'અસીમ જય જયકાર' બોલે એટલે એને તરત અમૃતરસ ઝરે. નાના છોકરાંને તો બહુ અનુભવ થાય. અમે ગામડે જઈએ છીએ ને, તે નાના છોકરાં તો પેટ પકડીને બોલ બોલ કરે છે. કારણ કે સાચી વસ્તુ પકડવા માટે છોકરાં જલદી સમજી શકે અને જૂઠી વસ્તુઓ બુદ્ધિશાળીઓ પકડે. મોટી ઉંમરના બુદ્ધિ વાપરે એટલે પાછું જરા બગડી જાય. છોકરાને બુદ્ધિ નહીં ને, એટલે સાચી વસ્તુ હૃદયથી જ માલમ પડી જાય. હાર્ટ ઉપર કેવી અસરો થાય છે, એ અસરોને છોકરાં સમજી જાય. અને બુદ્ધિ હાર્ટ ઉપરની અસરો દેખવા ના દે.

તે ઠેર ઠેર નાના છોકરાં પણ બોલે છે. એ છોકરાંને કહીએ કે 'છોડી દે, હવે રહેવા દે' તો એને ખરાબ લાગે. કારણ કે આ ચોખ્ખું નામ છે. આ નાના છોકરાં બહુ સમજી જાય છે, જેને બુદ્ધિ નથી એ બહુ સમજી જાય છે. પછી છોડતા જ નથી.

## પુણ્યોદયે પ્રાપ્ત ભક્તિ

જ્ઞાની પુરુષમાં પ્રત્યક્ષ પ્રગટ હોય, એટલે હું કહું છું ને, કે હું હઉ બોલું છું ને તમેય બોલજો, સમજણ પડે તો. પાપનો ઉદય હોય તો તમારે બોલવું હોય તોય નહીં બોલાય. પાપ ફરી વળે ત્યારે શી રીતે બોલે બિચારો ?

**પ્રશ્નકર્તા :** તો પાપનો ઉદય ક્યારે કહેવાય ?

**દાદાશ્રી :** પોતાને બોલવું હોય ને મહીંથી ન બોલવા દે, ત્યારે પાપનો ઉદય કહેવાય અને પુણ્યનો ઉદય હોય તો આપણે બોલવાની ઈચ્છા થાય ત્યારે તરત જ બોલાય. આપણું ધારેલું બધું થાય એનું નામ પુણ્યનો ઉદય અને ધારેલું ન થાય એનું નામ પાપનો ઉદય. લોકોને દુઃખ દેવાથી પાપ ઊભા થાય અને લોકોને સુખ આપવાથી પુણ્ય ભાવ થાય. સુખ આપવાથી બેંકમાં ક્રેડિટ થાય અને દુઃખ આપવાથી બેંકમાં ડેબિટ થાય. પછી બે પગના ચાર પગ થઈ વસૂલ કરવું પડે, ભેંસ થઈને, બળદ થઈને, ઘોડો થઈને વસૂલ કરવું પડે.

**પ્રશ્નકર્તા :** કોઈને સમજણ ન હોય તો ન બોલે, તો એની સાથે પાપનો સંબંધ ખરો એને ?

**દાદાશ્રી :** ના, એને ખોટ ના જાય. એને નફો નહીં ને ખોટ નહીં ! એને શું લેવાદેવા ?

નથી બોલતો એ કંઈ ગુનો નથી, પણ બોલે તેને ફાયદો થાય.

**પ્રશ્નકર્તા :** ઈચ્છા હોય ને ન બોલી શકે એ અંતરાયકર્મ ખરું ?

**દાદાશ્રી :** ઈચ્છા હોય ને ના બોલે તે અંતરાયકર્મ કહેવાય.

## દાદા પાસે બુદ્ધિની બોબડી બંધ

એક જણની ઑફિસમાં પાંચ-સાત જણને જ્ઞાન મળ્યું હશે. તે ત્યાં આગળ ઑફિસમાં 'દાદા ભગવાન, દાદા ભગવાન' એની બધી સ્તવના કર્યા કરે, એવી કીર્તનભક્તિ કર્યા કરે. એટલે બીજા એક જણને મગજમાં પારો ચઢી ગયો. એ એમની ઑફિસનો હતો. એને થયું કે આ બધા શું 'દાદા, દાદા' કરતા હશે ? શું સમજતા હશે આ લોકો ? તે પછી આ બધાને કહે છે, 'હું તમારા દાદા પાસે એક ફેરો આવીશ. મારે એમની ખબર લેવી છે !' શું કહે છે, દાદાને પાંસરા કરવા છે ! એ માણસ છે તે મારી જોડે લઢવા માગતો હતો. એ માણસને ખૂબ ગુસ્સો ચઢી ગયો કે આ મોટા 'દાદા ભગવાન' છે, તે મારે સીધા કરી નાખવા છે આમને. તે એના ઑફિસવાળાએ મને કહ્યું કે 'અમારી પાછળ રોજ પડ્યો છે આ માણસ. તેને અહીં આવવું છે.' મેં કહ્યું, 'આવવા દો ને ! વાંધો શું છે ? ગાળો ભાંડે તેય આપણને આવકાર છે ને ફૂલ ચઢાવે તેય આવકાર છે. મારે જુદાઈ નથી. કારણ કે હું ગાળો ભાંડનાર જોતો નથી. ગાળો ભાંડનારની મહીં 'કોણ છે' એને હું જોઉં છું. અતત્ત્વને હું જોતો નથી. મારે અતત્ત્વનું શું કામ છે ? ગધેડુંય અતત્ત્વ જ છે ને આય અતત્ત્વ છે. હું તો તેમાં તત્ત્વની તપાસ કરું છું. પછી મેં કહ્યું, 'બોલાવો એને !'

એ પછી રજા હશે, તે દહાડે તે આવ્યો. એની ઑફિસવાળા બધા જોડે આવેલા કે જોઈએ હવે શું તાલ થાય છે, કે દાદાને એ પાંસરા કરે છે કે દાદા એને પાંસરો કરે છે ! એટલે પછી એ બેઠા હતા. મારા આવતા પહેલા સત્સંગમાં બીજા ભેગા થયા, તે એમની જોડે જીભાજોડી કરવા માંડી, બધી બુદ્ધિની વાતો. હવે બુદ્ધિની વાતોનો એન્ડ જ ના આવે. અમે તો એન્ડ લાવી આપીએ. પછી છે તે એ બુદ્ધિની વાતો થતી હતી ને હું આવી પડ્યો. મને પેલી ખબર નહીં કે આ માણસે આવો ડખો કર્યો છે, અહીં આગળ. અને હું જાણુંય નહીં કે મારો પારો ઉતારવા આવ્યો છે. એટલે પછી મેં બધાને પૂછ્યું કે 'આજ કેમ કોઈ સત્સંગ કરતા નથી ? કોઈ સત્સંગ કરો ને ! બોલો ને !' પેલા ભાઈને નવા દીઠા, એટલે મેં એમને કહ્યું, 'તમે બોલો ને, કંઈક બોલો ને, શું વાંધો છે ?' ત્યારે એ કહે છે, 'ખરું કહું, અહીં ગળે સુધી આવે છે પણ શબ્દ બહાર નીકળતો નથી.' હું સમજી ગયો કે આ દાદાના ગુનામાં આવ્યો છે, હરાવવા આવ્યો છે. તે શબ્દ અહીંથી નહીં નીકળે, મહીંથી અક્ષરેય નહીં નીકળે. આ આણે આડાઈ કરી છે, તેનું આ ફળ મળ્યું. વાણી જ બંધ થઈ જાય મારી પાસે. ઘણા માણસોની વાણી બિલકુલેય, અક્ષરેય બોલી શકે નહીં. અને વાંકો માણસ તો મારી પાસે આવી શકતો નથી. પેલો પગથિયું ચઢે ને, તો કહી દઉં કે પેલો માણસ પાછો ઊતરી જશે. અહીં લોકો મને પૂછે છે, કેટલાકને કહું છું કે 'કેમ પ્રશ્ન પૂછતા નથી ?' ત્યારે કહે, 'ઘરેથી નીકળ્યો ત્યારે પ્રશ્નો બહુ પૂછવા હતા, પણ અહીં આવ્યા પછી નીકળતું નથી.' એ તો દાદા પાસે તો આ બોબડી બંધ થઈ જાય ! પેલો ભઈ આવેલો, તે ઘેરથી નક્કી કરીને આવેલો. હું આવ્યો હતો, તે પહેલા વાતો કરવા માંડેલો. તે આપણા મહાત્માને તો પાડી દે ને ! વાર ના લાગે ને ! એમને તો હરાવી દે ને ! મનેય હરાવી દે એવો હતો.

આ ભઈ વકીલ છે. તે અહીં કશેક આવ્યા હશે કોઈ વખત. તે અહીં 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' થબોકા પાડતા હતા, તે ઘડીએ શું કહેતા હતા ? આ બધું શું ચાલે છે ? આ તાળીઓ પાડે છે ને કંઈ બધા આમ કરે છે ?

હવે એ અભિપ્રાય એમણે આપવાની જરૂર નહોતી. આ આપ્યો તેથી એમને અંતરાય પડ્યો, લાંબું થયું. આ જ અંતરાય, આપણા જ ઊભા કરેલા.

### મહીં પ્રગટ ભગવાનના જયકારા

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' કેમ બોલો છો ?

**દાદાશ્રી :** દાદા ભગવાન તે હું આ દેખાય છે તે ન્હોય ! હું ભગવાન નથી, ભગવાન તો મહીં પ્રગટ થયા છે તે છે, ચૌદ લોકના નાથ છે ! આ દેખાય છે એ તો જ્ઞાની પુરુષ છે, વર્લ્ડની ઑબ્ઝર્વેટરી છે.

**પ્રશ્નકર્તા :** ભગવાન તમારામાં જ કેમ પ્રગટ થયા ?

**દાદાશ્રી :** હું ઘણા વખતથી એ બાજુ ચાલુ છું ને તમે ચાલતા નથી તે બાજુ, તેથી.

**પ્રશ્નકર્તા :** ભગવાન હૃદયમાં છે પણ તે પ્રગટ થતા નથી તો તે માટે શું કરવું ?

**દાદાશ્રી :** માયાનો પ્રેમ તૂટી જાય તો ભગવાનમાં પ્રેમ થાય. બન્નેનો પ્રેમ હોય તો ના થાય. તમને ભગવાનમાં પ્રેમ નથી, ડૉલરમાં છે. એક-એકની નોટ ગણતા એકાગ્રતા રહે છે ને ભગવાનમાં એકાગ્રતા રહેતી નથી. કારણ કે ડૉલર ગમે છે, ભગવાન ગમતા નથી. ત્યાં તો વાઈફ સામી આવે તોય કાઢી મેલે !

**પ્રશ્નકર્તા :** ડૉલર ને ભગવાન બે સાથે કેમ ના રહી શકે ?

**દાદાશ્રી :** એય રહી શકે, પણ પ્રીતિ ભગવાન પર રાખે તો ડૉલર આવે. પ્રીતિ ભગવાન પર રાખવાની છે, ડૉલર પર નહીં.

### સંસારની પળોજણ સામે જયકારા

હવે જ્ઞાન તો મેં આપ્યું છે, કશું દુઃખ તમને રહ્યું નથી. છતાંય જો કચાશ રહેતી હોય તો આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' અમૃત રોજ પીયા કરો !

**પ્રશ્નકર્તા :** અમે તો આને ધૂન જ સમજીએ.

**દાદાશ્રી :** ના, આ ધૂન નથી. ધૂન તો અસાવધવાળો હોય, તેને ધૂન કહેવાય. જ્યાં એક જ ખૂણાની સાવધતા હોય ! આને ધૂન ના કહેવાય.

આ જ્ઞાન તો આપણે આપીએ છીએ, એનું બધું સુખ તો વર્તતું હતું ને તમને કશું દુઃખ રહ્યું નથી. પણ આ વળી વધારાનું તમને મળે છે. કારણ કે આ સંસારની બધી પળોજણ રહી છે ને એટલે આ બોલવાનું, કે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.'

### ના ગમતામાં બોલો, તો પણ ફાયદો

**પ્રશ્નકર્તા :** મને આ 'અસીમ જય જયકાર હો' બોલવાનું નથી ગમતું.

**દાદાશ્રી :** એમ ! એની વેલ્યુ (કિંમત) સમજાઈ નથી એટલે. લોક તો સમજે કે આ 'રામ, રામ' બોલવા જેવું બોલાવડાવે છે. કેટલાકને પહેલીવારકુ એવું સમજાય ને, અણસમજુ લોકો એટલે. પણ આ નથી એવું. તેથી જ આ હું જોડે જોડે કહું છું કે 'ધીસ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન !' (દિવ્ય ઉકેલની આ રોકડી બૅંક છે !)

**પ્રશ્નકર્તા :** આપે આટલું બધું કહ્યું છતાં કેમ જતું નથી ?

**દાદાશ્રી :** ના જાય. તમે જવા દો નહીં ને !

**પ્રશ્નકર્તા :** અમારી તો એમ ઈચ્છા છે કે બધું નીકળી જાય.

**દાદાશ્રી :** તમે તો એમ કહો છો કે મારે જતું નથી, મને ગમતું જ નથી. એટલે 'ગમતું નથી' એમ બોલ્યા તો તમે જવા દો કે ? 'મને ગમે છે' એમ બોલો તો જાય. 'ગમતું નથી' બોલે કે ચઢી બેસે.

**પ્રશ્નકર્તા :** અને 'ના ગમતું' હોય ત્યારે એવું થોડું કહેવાય કે 'ગમે છે !'

**દાદાશ્રી :** 'ગમે છે' કહે, એટલે પેલું ભાગવા માંડે ને !

**પ્રશ્નકર્તા :** એટલે 'ના ગમતું' હોય તોય એવું કહેવું કે ગમે છે ?

**દાદાશ્રી :** હા, તો એ ભાગવા માંડે ને ! 'ગમે છે' એવી સાયકોલોજિકલ ઈફેક્ટ ફરી એટલે થઈ રહ્યું, ખલાસ થઈ ગયું.

તમે જુઓ છો, અમારી આખી લાઈફમાં સવારથી સાંજ સુધી અમે 'ના ગમતું' કહીએ છીએ ? તમે જુઓ છો કશામાં ? 'ના ગમતું' દેખાતું નથી એનો શું અર્થ ? એટલે કંઈ બધું ગમતું હશે ? મન તો ઝાવાદાવા કરે કે 'ના, ત્યાં નહીં, આમ.' પણ અમે એનું ચાલવા દઈએ નહીં ને !

'વ્યવસ્થિત' ઈઝ ધ કરેક્ટ (એ બરોબર છે). તારું ચાલે નહીં.

**પ્રશ્નકર્તા :** મન એક બાજુ બૂમો પાડ્યા કરે કે આ નથી ગમતું, નથી ગમતું.

**દાદાશ્રી :** પણ એ બૂમો પાડે, એની વેલ્યુ શી ? મન એ તો એક ન્યુટ્રલ (નપુંસક) છે, એ નાન્યતર જાતિ છે. એ પુરુષ નથી કે સ્ત્રી જાતિ નથી. એનું માનતો હશે કોઈ માણસ ? માઈન્ડ ઈઝ ન્યુટ્રલ.

**પ્રશ્નકર્તા :** મનમાં ગમતું ના હોય અને આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલીએ તો લાભ થાય કંઈક ?

**દાદાશ્રી :** ખૂબ લાભ થાય. એ તો 'ના ગમતું' હોય ને બોલીએ ત્યારે જ લાભ થાય. એટલે મનને 'ના ગમતું' હોય તો આપણે 'જય જયકાર હો' બોલીએ તો શું ફાયદો ? અરે, વધારે ફાયદો થાય ઊલટો. મનના વિરૂદ્ધ કરીએ એટલે મન એક બાજુ સમજી જાય કે હવે આપણું માનતા નથી. માટે આપણા બિસ્તરા-પોટલા બાંધીને આપણે બીજે ગામ જવાની તૈયારી કરી દો. એનું અપમાન થાય એટલે બહુ જ સારું રહે. મનનું તો મનાય જ નહીં ને ! 'મનકા ચલતા તન ચલે, તાકા સર્વસ્વ જાય.'

## 'ના ગમતું' કાઢી નાખે એ પુરુષાર્થ

**પ્રશ્નકર્તા :** આમ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવાનું હોય તો આમ બોલવાનું ગમે, પણ પેલી દસ-પંદર મિનિટથી વધારે બોલવાનું થાય એટલે પછી મનને ના ગમે.

**દાદાશ્રી :** માણસ એનું નામ કહેવાય કે 'ના ગમતું' હોય જ નહીં, ને જ્યાં સુધી કંઈ પણ 'ના ગમતું' હશે ત્યાં સુધી બળજબરીથી એ કરવું પડશે. આ તમારે દવા 'ના ગમતી' હોય તોય પીવી પડે છે ને ? નહીં તો છ રસ લે, કડવું સાથે લે, તો પછી કડવી દવા ના લેવી પડે. પણ એ નથી લેતા એટલે પછી કડવી દવા લેવી પડે છે. રસ તો પૂરા કરવા પડશે ને ?

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવાનું ગમે છે. પણ પછી લાંબું ચાલે ને, એટલે એવું થાય કે હવે બંધ કરી દઈએ.

**દાદાશ્રી :** લાંબું કોને કહો છો ? લાંબા-ટૂંકાનું તો તારું ઠેકાણું નહીં ને ! તારી તો ડિક્શનરી જ જુદી જાતની ! 'ગમતું' આવ્યું એટલું જ થાય, બીજું ના થાય. ત્યારે તો આ બધી દવા ગમતી આવતી હોય ને તો જ પીતા હોય ? સંડાસ લાગે ત્યારે જવાનું ગમતું હશે ? આ ઉધરસ ખાવાની ગમતી હશે લોકોને ? છીંક ખાવાની ગમતી હશે ? છીંક ના આવતી હોય તો મહીં કશુંક ઘાલી કરીને કરાવડાવે. 'ના ગમતું' કાઢી નાખવું એનું નામ પુરુષાર્થ. 'ના ગમતું' એટલે આપણે કંઈ માલિક છીએ ? કોણ છો તમે ? 'મને નથી ગમતું.' તે ભણવાનુંય ના ગમે લોકોને તો. નિશાળમાં જવાનું, ટાઢમાં નીકળવાનું ગમતું હશે ? પણ જવું જ પડે ને ? પથારીમાંથી ઊઠવાનુંય ના ગમે એવાય છોકરાં છે. એવા નહીં હોય ?

**પ્રશ્નકર્તા :** હોય.

**દાદાશ્રી :** અરે, આ બધાય છોકરાંઓ ના ઊઠે. એ તો બધાને ઉઠાડે પછી.

**પ્રશ્નકર્તા :** મનેય સવારે ઊઠવાનું ગમતું જ નથી.

**દાદાશ્રી :** કોઈનેય ના ગમે. પણ ઊઠ્યા વગર છૂટકો જ નહીં ને ! ચાલે જ નહીં.

**પ્રશ્નકર્તા :** પણ પેલું મન એવું સમજાવતું હોય કે આ ગાવાથી કશું થાય નહીં.

**દાદાશ્રી :** પણ આવું ઊંધું સમજાવે ત્યારે આપણે કહીએ નહીં કે આજ દિન સુધી તે મારું શું ભલું કર્યું, તે હું જાણું છું. માટે તારી સલાહ બાજુએ મેલ ! તારી વાત અમારે નથી સાંભળવી. એ જુદા છે ને આપણે જુદા છીએ, આપણે શું લેવાદેવા ? અત્યાર સુધી આપણે એ જાણતા હતા કે સગો ભાઈ જ છે, એટલે એના કહ્યા પ્રમાણે આપણે ચાલતા હતા.

**પ્રશ્નકર્તા :** બધા ગાય છે તે આપણે નથી ગાઈ શકતા એ આપણે જાણીએ ખરા.

**દાદાશ્રી :** હા, પણ તેની અનુમોદના આપવી જોઈએ. 'આ બધા ગાય, તે ગાવ' કહીએ. એટલે આપણે અમથા બોલવા માંડીએ બે લીટીઓ.

## પદ્ધતસર બોલો, ગોટાળિયું નહીં ચાલે

આ હમણે ખંભાત ગયા હતા. તે એક ભઈને કહ્યું કે ભઈ, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલો. તે બોલવા માંડ્યો. બોલે ખરો પણ ઉત્સાહ નહીં. ઉત્સાહ ના દેખાય. ત્યારે મેં કહ્યું, 'તું એમ કર, શું તારું નામ ?' ચંદુ. એટલે તું ચંદુને કહે કે 'પદ્ધતસર બોલો. આવું ગોટાળિયું નહીં ચાલે.' એવું કહેવડાવીને પછી બોલાવ્યું. સરસ બોલ્યો, એવું સરસ બોલ્યો, ખરેખરું ઠેઠ સુધી. તે આ જ રીત છે, બીજું કશું નહીં. તમારે ફક્ત કહેવું જોઈએ. 'આમ કેમ થાય છે ? ન થવું જોઈએ.' ચાલ્યું ગાડું. આ તો કોઈ કહેનાર જ નહીં ને ! કોઈ ના હોય તો આપણે તો ખરા. પછી કશુંયે ડૉજિંગ (ઘેન) રહે ? કો'ક કહે તે આપણને ગમે નહીં. એના કરતા આપણે કહીએ તે શું ખોટું ? હવે વાત તમારે કહેવાની. તમને સમજ પડી ગઈ ને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** એટલે આ ફક્ત એક જ ફેરો કહે ને, 'અરે ચંદુભાઈ, તમે આવડા મોટા પી.એચ.ડી. થઈને આ તે શું બોલો છો ?' એવી જ રીતે બસ એમને કહેવું. કારણ કે એ જાણે છે કે આ જુદા છે અને આપણેય જાણીએ છે કે આ જુદા છે. પણ પછી જુદાઈ રાખતા નથી. આવું રાખો. જુદાઈ ના રાખવી જોઈએ ? પછી આપણા કહ્યા પ્રમાણે ચાલે છે કે નહીં તે જોવું. તમે કહી તો જોજો, આ હું દાખલા કહું છું ત્યાં.

### વ્યવહારની મુશ્કેલીયે નિવારે

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' આપ જે કહો છો બોલવાનું, તે હવે આ જેટલા લોકો વ્યવહારિક દુઃખો લઈને આપની પાસે આવે છે એમને પણ તમે એ ખાસ બોલવાનું કહો છો ?

**દાદાશ્રી :** હા, તે વ્યવહારિક મુશ્કેલીઓ હઉ નીકળી જાય. આ તો કૅશ (રોકડ) બેંક છે.

**પ્રશ્નકર્તા :** એ વ્યવહારના દુઃખને પણ કૅશ બેંક લાગુ પડે ?

**દાદાશ્રી :** ચોક્કસ ! ભગવાન કોનું નામ કહેવાય ! અને આ પરોક્ષ વસ્તુ નથી, આ પ્રત્યક્ષ છે.

**પ્રશ્નકર્તા :** જેને જે કર્મ ભોગવવાના એના ડિસ્ચાર્જમાં આવેલા હોય, તો આ બોલવાથી એના કર્મોનો ભોગવટો બંધ થઈ જાય ?

**દાદાશ્રી :** હા, પણ બંધ થઈ જાય એટલે શું, કે દસ રતલનો પથ્થર આપણને વાગવાનો હોય ને, તેને બદલે પા રતલનો પથ્થર વાગે. દસ રતલથી માણસ મરી જાત અને આ માથું ફૂટી જાય તો લોહી નીકળે. પણ એટલો લાભ થાય. નિમિત્ત તો છોડે નહીં ને ! નિમિત્ત તો ભગવાનને પણ છોડે નહીં. પણ જો એની બુદ્ધિમાં બેસી ગયું ને આ બોલે તો એનું કામ થાય. એટલે અમે એને કહીએ કે બોલજે. તે બોલે છે ને, એનું કામેય થાય છે.

### બરફરૂપી કર્મો સરળતાએ ભોગવાય

આ 'જ્ઞાન' આપીએ છીએ તે દહાડે શું થાય છે ? જ્ઞાનાગ્નિથી એના જે કર્મો છે તે ભસ્મીભૂત થઈ જાય છે. બે પ્રકારના કર્મો ભસ્મીભૂત થઈ જાય છે અને એક પ્રકારના કર્મો રહે છે. જે કર્મો વરાળરૂપે છે એનો નાશ થઈ જાય છે અને જે કર્મો પાણીરૂપે છે, એનો પણ નાશ થઈ જાય છે અને જે કર્મો બરફરૂપે છે, તેનો નાશ નથી થતો. બરફરૂપે છે એ કર્મો ભોગવવા જ પડે છે. કારણ કે જામી ગયેલા છે. કર્મ ફળ આપવાને માટે તૈયાર થઈ ગયું છે, એ છોડે નહીં પછી. પણ પાણીરૂપે અને વરાળરૂપે કર્મો હોય, એને જ્ઞાનાગ્નિ ઉડાડી મૂકે. એટલે જ્ઞાન મળતા જ એકદમ હલકા થઈ જાય છે લોકો, એમને જાગૃતિ એકદમ વધી જાય છે. કારણ કે કર્મો ભસ્મીભૂત થાય નહીં ત્યાં સુધી જાગૃતિ વધે જ નહીં માણસને ! આ બરફરૂપેના કર્મો તો આપણે ભોગવવાના જ રહ્યા.

પણ સ્વરૂપ જ્ઞાન આપ્યા પછી એ કર્મોના ભોગવટામાં ફેર પડી જાય છે. શૂળીનો ઘા સોય જેવો લાગે. 'જ્ઞાની પુરુષ' કારણસ્વરૂપે રહેલા કર્મનો નાશ કરી આપે પણ આજે જે કાર્ય સ્વરૂપે કર્મો છે, બરફ રૂપે થઈ ગયેલા છે, તેને તો ભોગવવા જ પડે.

અને તેય પાછા સરળ રીતે કેમ ભોગવાય, એના બધા રસ્તા અમે બતાડ્યા છે કે ''ભઈ, આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલજે, ત્રિમંત્ર બોલજે, નવ કલમો બોલજે.''

### દાદા ભગવાન મળ્યા એ જ મોટો દાગીનો

કાલે એક ઘૈડા કાકા આવ્યા હતા, તે મારા પગમાં પડી ખૂબ રડ્યા ! મેં પૂછ્યું, 'શું દુઃખ છે તમને ?' ત્યારે કહે, 'મારા દાગીના ચોરાઈ ગયા, જડતા જ નથી, હવે પાછા ક્યારે આવશે ?' ત્યારે મેં એને કહ્યું, 'એ દાગીના કંઈ જોડે લઈ જવાના હતા ?' ત્યારે કહે, 'ના, એ જોડે ના લઈ જવાય, પણ મારા દાગીના ચોરાઈ ગયા ને, તે હવે પાછા ક્યારે આવશે ?' મેં કહ્યું, 'તમારા ગયા પછી આવશે !' દાગીના ગયા એને માટે આટલી બધી હાય, હાય, હાય ! અરે, ગયું એની ચિંતા કરવાની જ ના હોય. વખતે આગળની ચિંતા,

ભવિષ્યની ચિંતા કરે, એ તો આપણે જાણીએ કે બુદ્ધિશાળી માણસને ચિંતા તો થાય જ; પણ ગયું તેનીય ચિંતા ? આપણા દેશમાં આવી ચિંતા હોય છે ! ઘડી પહેલા થઈ ગયું, તેની ચિંતા શું ? જેનો ઉપાય નથી, તેની ચિંતા શું ? કોઈ પણ બુદ્ધિશાળી સમજે કે હવે ઉપાય નથી રહ્યો, માટે એની ચિંતા કરવાની ના હોય.

પેલા કાકા રડતા હતા, પણ મેં એમને બે મિનિટમાં જ ફેરવી નાખ્યા. પછી તો 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવા માંડ્યા ! તે આજે સવારમાંય ત્યાં રણછોડજીના મંદિરમાં મળ્યા, ત્યારેય બોલી ઊઠ્યા, 'દાદા ભગવાન !' મેં કહ્યું, 'હા, એ જ.' પછી કહે, 'આખી રાત હું તો આપનું જ નામ બોલ્યો !' આમને તો આમનું ફેરવો તો આમનું, આમને એવું કશું જ નથી.

**પ્રશ્નકર્તા :** આપે એને શું કહ્યું ?

**દાદાશ્રી :** મેં કહ્યું, 'એ દાગીના પાછા આવે એવું નથી, બીજી રીતે દાગીનો આવશે.'

**પ્રશ્નકર્તા :** આપ મળ્યા એટલે મોટો દાગીનો જ મળી ગયો ને !

**દાદાશ્રી :** હા, આ તો અજાયબી છે ! પણ હવે એને સમજાય શી રીતે આ ? એને તો પેલા દાગીનાની આગળ આની કિંમત જ ના હોય ને ! અરે, એને ચા પીવી હોય તો તેને આપણે કહીએ કે 'હું છું ને તારે ચાનું શું છે ?' ત્યારે એ કહેશે, 'મને ચા વગર ચેન નહીં પડે, તમે હો કે ના હો !' આમને કિંમત શેની ? જેની ઈચ્છા છે તેની.

## લડે-વઢે છતાં છેવટે જ્ઞાન હાજર

એક ભઈ કહેતા'તા. મને કહે છે, વાઈફ જોડે મારે સાત કલાક સુધી છે તે વાક્યુદ્ધ ચાલ્યું. સવારથી ચાલ્યું, વઢમ્‌વઢા, તે સાત કલાક સુધી ચાલ્યું પણ મોઢે વાક્યુદ્ધ, પછી છેલ્લા આઠમા કલાકમાં કાયાયુદ્ધ ચાલુ થઈ ગયું. એણે મારા વાળ ઝાલ્યા ને મેંય આપવા માંડી. તે એય આ વાળ ખેંચીને તેલ કાઢવા માંડી. શું કહે છે ? કાયાયુદ્ધ એક કલાક બધું ! આઠ કલાક આમાં ને નવમાં કલાકમાં તો અમે બે સાથે ચા પીતા'તા, કહે છે. અક્રમ વિજ્ઞાનનેય ધન્ય છે !

**પ્રશ્નકર્તા :** આઠ કલાક અક્રમ વિજ્ઞાન કંઈ ગયું ? નવમે કલાકે ક્યાંથી આવ્યું ?

**દાદાશ્રી :** ના, અક્રમ વિજ્ઞાન મહીં હતું જ. પણ આ પાઠ ભજવવાનો ને, તે એ આખી ફિલમ હતી.

**પ્રશ્નકર્તા :** આખી ફિલમ ઊતરેલી.

**દાદાશ્રી :** ફિલમ ઊતરેલી ભજવાઈ ગઈ. પછી અક્રમ વિજ્ઞાન હાજર થયું. ફિલમ ભજવાઈ ગઈ એટલે અક્રમ વિજ્ઞાન પાછું તૈયાર થઈને પછી નવમા કલાકમાં ચા-પાણી સાથે પી અને કહે છે, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો, સામાસામી માફી માગીને !

## દાદાનું નામ લેતા, કેસમાં ફેરફાર

આપણે ત્યાં એક જ્ઞાન લીધેલો મહાત્મા છે. એની સાસુ ટાટા કેન્સરની હોસ્પિટલમાં હતી. તે એની સાસુને એ હોસ્પિટલવાળાએ રજા આપી કે હવે બે-ત્રણ દિવસમાં આ કેસ 'ફેઈલ' થવાનો છે, માટે બે-ત્રણ દહાડામાં તમે ઘેર લઈ જાવ. એટલે એ માણસના મનમાં એમ થયું, કે 'દાદા અહીંયા મુંબઈમાં જ છે, તો મારી સાસુને દર્શન કરાવી દેવડાવું. પછી અહીંથી તેડી જઉં.' એટલે મને આવીને ત્યાં કહેવા માંડ્યા, કે 'મારા સાસુ છે ને, એમને દર્શન જો અપાય તો બહુ સારી

વાત છે.' મેં કહ્યું, 'ચાલો, હું આવું છું.' એટલે હું ત્યાં ટાટા હોસ્પિટલમાં ગયો. પેલાએ કહ્યું, 'દાદા ભગવાન આવ્યા.' એટલે તે બઈ તો બેઠી થઈ ગઈ. અને કોઈના મનમાંય આશા નહીં, તે ચાર વર્ષ જીવી પછી. એ ડૉક્ટરોએય નોંધ કરી કે આ દાદા ભગવાન કોઈ આવ્યા ને નહીં જાણે શુંયે કર્યું ! પણ મેં કશુંય કર્યું નથી. ખાલી પગે વિધિ કરાવેલી ! એવું વડોદરાની મોટી હોસ્પિટલવાળાએય નોંધ કરી છે કે 'દાદા ભગવાન'થી આટલા કેસમાં ફેરફાર થઈ ગયા છે.

## નિરાલંબ દાદાનું નામ લેતા કલ્યાણ

અરે, ત્યાં દવાખાનામાં બોલે છે તોય પ્રત્યક્ષ પહોંચે છે ને ફળ મળે છે ! પહેલા તો ફૂલોની માળા 'દાદાજી'ને પહેરાવતા હતા ને, ગળામાં દસ-પંદર માળાઓ હોય. તે એક માણસ એવો હતો કે આ માળાઓ બધી લઈ જાય અને દવાખાનામાં લોકોને પહેરાવી આવે. હવે પેલા લોકોએ તો મને જોયેલોય ના હોય. અહીં આવ્યોય ના હોય, મને ઓળખતોય ના હોય. એવાઓને માળા પહેરાવીને કહે છે, કે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલ. તે સવારમાં ફેરફાર થઈ જતો. ડૉક્ટર પૂછે કે 'આને શાથી ફેરફાર દેખાય છે ? આ ફેરફાર કેમ કરીને થયો આ લોકોને !'

આને ક્યાંથી પહોંચી વળાય હવે ? એ દાદા ભગવાનને શી રીતે પહોંચી વળાય ? જેને જોયા નથી તોય એમ ને એમ ફેરફાર કરાવી દે, એ ભગવાન કેવા ? આ તો કૅશ બેંક છે. છતાં નિમિત્ત છે ને ! કારણ કે આ દાદા ભગવાન છે નહીં. દાદા ભગવાન તો મહીં બેઠા છે તે દાદા ભગવાન છે. એટલે દાદા ભગવાન બધી જ જગ્યાએ છે. નામ દેતાની સાથે જ કલ્યાણ થઈ જાય. એટલે જે મૂળ આત્મા છે, નિરાલંબ છે, તે દાદા ભગવાન છે.

## આ તો અમારું યશનામ કર્મ

હવે એ ચમત્કાર કહેવાતો હોય તો એવા આપણે ત્યાં રોજ સો-સો, બસ્સો-બસ્સો ચમત્કાર થાય છે.

કોઈ કહે છે, 'ઘેર મારા ભાઈને તાવ બહુ રહે છે, આજ પંદર-વીસ દહાડાથી ઉતરતો નથી.' મારી એક માળા એને આપું છું ને, તે બીજે દહાડે કાગળ આવે છે કે તાવ બિલકુલ જતો રહ્યો છે. માળા પહેરતાની સાથે જ જતો રહ્યો છે. એવા બધા ઘણા 'કેસો' આવા બને છે. આ તો અમારું યશનામ કર્મ છે. અને પેલા સંતોનેય જે ચમત્કાર કરે છે ને, તેય યશનામ કર્મ હોય છે.

**પ્રશ્નકર્તા :** છતાં એ ચમત્કાર જેવું નથી, એવું આપ કહો છો ?

**દાદાશ્રી :** હા, ચમત્કાર કર્યો એવું આપણે નથી કહેતા અને આ જે સાંભળ્યું ને, એના કરતાય ઘણા મોટા થયેલા છે, જગત આફરીન થઈ જાય એવા થયા છે, પણ તે જો ચમત્કાર કહેશો તો બીજાના ચમત્કાર ચાલુ રહેશે. એટલે હું એ ચમત્કાર તોડવા માટે આવ્યો છું. ખરી રીતે હકીકતમાં, વાસ્તવિકતામાં એ ચમત્કાર છે જ નહીં.

આ અમારો ફોટોય બહુ કામ કરે છે. એટલે લોકોને અમે છેવટે ફોટા આપીએ છીએ. કારણ કે આટલું જો કામ નહીં કરે તો આ 'વાસણો' અજવાળી શકાય એવા નથી. એટલા બધા વાસણો ખરડાઈ ગયા છે કે અજવાળી શકાય એવું નથી. એટલે આ કુદરત એની પાછળ કામ કરી રહી છે. બધું થઈ રહ્યું છે, ચમત્કાર નથી આ ! આવા આવા તો રોજ કેટલાય કાગળો આવે છે કે 'દાદા, તે દહાડે તમે કહ્યું હતું કે જા, તને નોકરી મળી જશે, તે મને નોકરી મળી ગઈ !' આ બધું કુદરત કરે છે !

## કલાક બોલે ત્યાં કાયમી શાંતિ

આ (પ્રાતઃવિધિમાં) પાંચ વખત બોલે, આ નવ કલમો બોલે, ત્રિમંત્ર બોલે, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલે પછી બીજું બોલવાનું શું રહ્યું ? કશું અડે જ નહીં સંસાર. પછી છો ને, સંસાર ચોગરદમનો ફરી વળે ! આ ત્રિમંત્રો ને નવ કલમો છે ને, એ બધું બોલશે તો સંસારની અડચણો આવતી હોય તે ઓછી થઈ જાય. એટલે તમને કોઈ પણ દુઃખ રહેશે નહીં ને સંસારેય બહુ સુંદર ચાલશે.

આ નવ કલમો ને આ ત્રિમંત્ર બધું બોલે ને, પછી શાંતિ (ફરી) અશાંતિ થાય જ નહીં. કેટલીક જગ્યાએ તો, અમદાવાદમાં તો કેટલાક માણસો 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' એક કલાક બોલે છે તે દાદા ત્યાં દેખાય છે હઉ ! અમને બધા કહી જાય છે પાછા. એમને શાંતિ કાયમ જ રહે, આખો દહાડોય. ત્યારે એટલું જ જોઈએ છે ને ? શાંતિ રહે તો નવા કર્મ ખોટા બંધાય નહીં. અને આ જ્ઞાન આપણું હોય, ત્યાં તો બિલકુલ રહ્યું જ નહીં ને ! જ્યાં જાય ત્યાં આજ્ઞામાં રહેતો હોય, તેને કશું જ રહેતું નથી.

## દાદાને સોંપી દો તો મુશ્કેલી ના રહે

તમે શુદ્ધાત્મા થયા, પણ ચિત્તવૃત્તિની નિર્મળતા હોય તો ગૂંચો ના પડે અને સંસારી કામ સરળ થતા જાય. આ તો જ્યાં સુધી આપણે હાથમાં ઝાલી રાખીએ છીએ ને, ત્યાં સુધી મુશ્કેલી છે. દાદાને સોંપી દો તો મુશ્કેલી જ ના હોય. પછી મુશ્કેલી આવે જ નહીં. મુશ્કેલી કેમ કરીને આવે ? આપણને વિચાર આવે ત્યારથી એ કામ થયા જ કરે. મુશ્કેલી આવતા પહેલા ઓગળી જાય. આવડો મોટો પથ્થર વાગવાનો હોય, તેને બદલે આટલો પથ્થર વાગીને જતો રહે. આ વિજ્ઞાન બહુ જુદી જાતનું છે ! આ અક્રમ વિજ્ઞાન સર્વસ્વ રીતે મુક્તિ આપે એવું છે !

## બાળકને પીરસ્યો સંસાર ધર્મ

**પ્રશ્નકર્તા :** દાદા, આ બેબી પૂછે છે કે બાળકોને તો જ્ઞાન (જ્ઞાનવિધિ) અપાય નહીં, તો એમને શું ? જેવી આપ આ બધા મોટાઓને આજ્ઞા આપો છો, એવું અમારે નાના છોકરાંઓને માટે શું આપ આજ્ઞા આપો છો ?

**દાદાશ્રી :** એટલે એમને આ સંસારનો ધર્મ આપીએ અમે.

**પ્રશ્નકર્તા :** દાદા, સંસારનો ધર્મ કયો ?

**દાદાશ્રી :** આપણી આ નવ કલમો અને ત્રિમંત્રો ને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર.' (આરતી,) નમસ્કાર વિધિ ને એ બધું, એ બધા ધર્મ કરે, એટલાથી બહુ સેટિસફેક્શન (સંતોષ) થઈ જાય.

અને લોકોને સુખ જ આપવું, દુઃખ આપવું નહીં. એ વેપાર સારો, ચોખ્ખો કરવો. આપણે દુકાનમાં સુખનો માલ રાખવો જોઈએ કે દુઃખનો ? દુકાન શરૂ કરીએ તો સુખનો માલ રાખવો જોઈએ કે દુઃખનો ?

**પ્રશ્નકર્તા :** સુખનો જ, દાદા !

**દાદાશ્રી :** હા, બધાને સુખનો માલ આપવો. એ વખતે દુઃખ આવી જાય, તોય પણ આપણે એને સુખ આપવું. છેવટે સુખનો વિજય થશે, દુઃખનો વિજય નહીં થાય. દુકાનમાં માલ સુખનો જ આપવાનો રાખવો. સુખની દુકાન કાઢવી. કોઈ સલાહ પૂછવા આવે તો સારી સલાહ આપવી. કોઈ ઝઘડો કરવા આવે તો આપણે એને કહીએ કે 'ભઈ, મારી ભૂલચૂક થઈ હોય તો તારી માફી માગું, પણ શું થયું છે, શા હારુ આમ કરે છે ?' એની પતાવટ કરી દેવી. ના ફાવે ?

**પ્રશ્નકર્તા :** હા, ફાવે.

## ઘરમાં આરતી-જયકારા સીંચે સંસ્કાર

**પ્રશ્નકર્તા :** બાળકોમાં ક્લેશ ના થાય તે માટે સંસ્કાર સિંચન કેવી રીતે કરવું ?

**દાદાશ્રી :** નાના છોકરાં-છોકરીઓને સમજાવું કે સવારે નાહી-ધોઈને ભગવાનની પૂજા કરવી, ને રોજ ટૂંકામાં બોલે, કે 'મને તથા જગતને સદ્બુદ્ધિ આપો, જગતકલ્યાણ કરો.' આટલું બોલે તો તેમને સંસ્કાર મળ્યા કહેવાય, બીજું છોકરાંને આ તમારે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' રોજ બોલાવવું જોઈએ. એટલા બધા હિન્દુસ્તાનના છોકરાં સુધરી ગયા છે કે સિનેમામાં જતા નથી. પહેલું બે-ત્રણ દહાડા જરા વાંકાચૂંકા થાય, પણ બે-ત્રણ દહાડા પછી, રાગે પડ્યા પછી, મહીં જો સ્વાદ ઊતર્યા પછી એ ઊલ્ટા સંભારે.

**પ્રશ્નકર્તા :** ઘેર આરતી કરીએ તેનું મહત્વ શું ?

**દાદાશ્રી :** આરતીનું ફળ, અહીં મારી હાજરીમાં જે મળે ને એવું ફળ કોઈ જગ્યાએ ના મળે. પણ પેલું તો આપણું ગોઠવણીવાળું. પણ તોય આરતીનું ફળ બહુ ઊંચું મળશે, ઘરે કરશે તોય. એટલે બધાએ ગોઠવી દીધેલું આ બધું. આખો દહાડો દૂષિત વાતાવરણ ઊભું ના થઈ જાય ને ! નર્યા ક્લેશના વાતાવરણવાળા ઘરો છે ! હવે તેમાં આરતી ગોઠવાઈ ગયેલી હોય ને, તો આખો દહાડો કંઈક છોકરાં, બધામાં ફેર પડી જાય. અને આરતીમાં છોકરાં-બોકરાં બધા ઊભા રહે. એ છોકરાંના મન સારા રહે પછી. અને અકળાયેલા છોકરાં હોય ને, તે છોકરાંને શું ? આ તાપ, અકળામણ અને બહારના કુસંગ, તે કુચારિત્રના જ વિચાર આવ આવ કરે. એમાં આપણું આ છે ને, તે ઠંડક આપે. તે પેલા વિચાર ઉડાડી મેલે. આ બચાવવાનું સાધન છે.

આ બહુ સુંદર છે. કેટલાક તો બે વખત કરે છે, સવારમાં ને સાંજે. છોકરાં ઊભા રહે ને ! અને મોટાઓને ક્લેશ ના થાય. નર્યું ક્લેશનું જ વાતાવરણ છે. અત્યારે તો ના ઊભો કરવો હોય, પૈસા હોય, બધુંય સાધન હોય, તેનેય ક્લેશ તો મહીં પેસી જ જાય. ટેબલ ખખડાવે, જમવા બેઠા પછી. ખખડાવે કે ના ખખડાવે ? તમે આમ કર્યું ને તમે આમ કર્યું, ચાલ્યું પછી. ના ચાલે ? એટલે કેટલાકે ઘરમાં એવું નક્કી કરેલું કે આપણે જમ્યા પછી બે છોકરાં-બૈરી અને ધણી બધા સાથે આપણી 'વિધિ-આરતી-અસીમ જય જયકાર હો' એ બધું બોલવું. એટલે છોકરાં બધા રેગ્યુલર થઈ જાય ને ! ડાહ્યા થઈ જાય ! બીજે દહાડે બહાર ફરવા જવાનું કહેતો હોય ને, તો કહે, 'આપણે પેલું બોલો, પેલું બોલો.' એવું કહે. ફરવા જવાનું રહેવા દે અને સંસ્કાર પડે. હવે ધીમે ધીમે આરતી બધાને ત્યાં ગવડાવી દેવી. એટલે એમને ઘેર છોકરાં-છોકરી બધા સંસ્કારી થાય અને કંઈક નવું વાતાવરણ ઊભું થાય. પાંચ-સાત લાખ માણસ બોલતું થઈ જાય તો બહુ થઈ ગયું. પછી એમના છોકરાં હઉ બોલે ને એ આરતી-વિધિ બધું કરે. એટલે આખો દહાડો ઘરના બધા માણસ પરમાનંદમાં રહે છે.

## એ નસાડે કષાયોને પણ

**પ્રશ્નકર્તા :** આ 'અસીમ જય જયકાર હો' મનમાં કષાય હોય તો બોલાય ?

**દાદાશ્રી :** કષાયો હોય ને બોલે તો ઉત્તમ ! કષાયને બંધ થઈ જવું પડે, તે ઘડીએ એને જતું રહેવું પડે. આવું બોલે તે ઘડીએ પેલા કષાય ઘર ખાલી કરી નાખે. ઊભા રહે કે ? કષાય હોય તો આપણે બહુ જોશથી બોલીએ તો પેલા જતા રહે. પણ જોશથી બોલવું પડે. આપણા માથામાં ધમધોકાર અવાજ થાય એવું બોલવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ તે આ કષાયોથી દૂર ભાગી જવું એવો અર્થ ના થાય ?

**દાદાશ્રી :** કષાયો જ દૂર ભાગી જાય ! બાકી, આપણે ક્યાં દૂર ભાગી જવાનું છે ?

## આરતી-જયકારા વખતે દાદા હાજર

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' તથા આરતી વખતે આપ જે દૃષ્ટિ આપો છો, તે અવસ્થા અને આપ સત્સંગ કરતા હો તો એ અવસ્થામાં ફેર ખરો ?

**દાદાશ્રી :** ફેર ખરો, એમાં ઘણો ફેર.

**પ્રશ્નકર્તા :** એટલે શું ફેર, દાદા ?

**દાદાશ્રી :** હું આરતી (અને અસીમ જય જયકાર)માં હંડ્રેડ પરસેન્ટ (સો ટકા) શુદ્ધ થઈને બેસું છું. તે વખતે અમે ભગવાનમાં એકાકાર હોય અને અત્યારે (સત્સંગ કરીએ ત્યારે) જુદા હોઈએ. અત્યારે આ ટેપરેકર્ડ વાગે છે ને એના જ્ઞાતા-દ્રષ્ટા તરીકે રહીએ.

**પ્રશ્નકર્તા :** આરતી ઉતારવાનું કારણ તમારું શું ? આરતી શાથી ઉતારો છો તમે ?

**દાદાશ્રી :** આરતી તો ભગવાનની ના ઉતારે તો બીજા કોની ઉતારે ? શું કરે ત્યારે, ભગવાનને કહો. તમે કહો એ કરે.

**પ્રશ્નકર્તા :** આ તો મને ખબર નથી એટલે તો હું પૂછું છું.

**દાદાશ્રી :** પોતાનું આર્તધ્યાન બંધ થાય એટલા હારુ છે. આ આરતી ઉતારશે તેને આર્તધ્યાન નહીં થાય. એક ફેરો આરતીમાં દાદાના દર્શન થઈ જાય ને, પછી આર્તધ્યાન ઊડી જાય. આરતીમાં અને પછી 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' ગવડાવતી વખતે આ દર્શન તો ખુદ ભગવાન મહાવીરના દર્શન છે. આ તો સમજે ને, તો આરતીમાં દાદાના દર્શન એક્ઝેક્ટ ભગવાન મહાવીરના થાય છે અને મહાત્માઓ આ સમજી ગયા છે એટલે એવા દર્શન કરે છે.

આ આરતી બરોબર બોલાય ને, તો ઘેર દાદા હાજર થાય. અને દાદા હાજર થયા એટલે બધા જ દેવલોક હાજર થાય અને બધા જ દેવલોકોની કૃપા રહે. આરતી તો ઘેર નિયમિત બોલાય અને એને માટે અમુક ટાઈમ નક્કી કરી રાખવો તો બહુ જ સારું.

## જરૂર જાગૃતિની, નહીં એકાગ્રતાની

**પ્રશ્નકર્તા :** દાદા, હવે એક પ્રશ્ન એ થાય છે કે દાદા હાજર ના હોય, ત્યારે એમનો ફોટો રાખીને આરતી કરીએ છીએ. ત્યારે આ એક જણ થોડી આરતી કરે, પછી બીજો, પછી ત્રીજો લે એવી રીતે આરતીની એકબીજાને આપવામાં ને જવામાં જ અમારું મન જ રહી જાય છે અને બરાબર એકાગ્રતાથી આરતી થતી નથી, તો એ કેવી રીતે કરવું જોઈએ ?

**દાદાશ્રી :** એકાગ્ર થઈને કરવાની નહીં. એકાગ્રતાથી જો કરો, તો તમે એકાગ્ર થાવ તો આત્મા ભૂલાઈ જાય.

**પ્રશ્નકર્તા :** ના, એકાગ્રતા નહીં, જાગૃતિથી, દાદા. જાગૃતિથી આરતી થતી નથી.

**દાદાશ્રી :** એટલે 'હું આત્મા છું' એ લક્ષમાં હોય જ અને આરતી કરનારને જાણીએ. આરતી કરનારને આપણે જાણીએ એટલે બહુ થઈ ગયું, કોણ કરે છે તે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું છે ને, જ્યારે આરતી કરતા હોય કે દાદા ભગવાનના અસીમ જય જયકાર બોલતા હોય ત્યારે આમ શબ્દે શબ્દ વાંચવા જોઈએ.

**દાદાશ્રી :** દાદા ભગવાનના અસીમ જય જયકાર એ વંચાય તો ઠીક, પણ વંચાય એવું ના થતું હોય, એ શક્તિ ના હોય તો, એમાં વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ પાછું એકદમ મિકેનિકલ ના થઈ જવું જોઈએ ને ?

**દાદાશ્રી :** મિકેનિકલ થાય જ નહીં, અને ના રહેતું હોય ત્યારે શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** મોટેથી બોલવાનું ને જાતે સાંભળવાનો પ્રયત્ન કરવાનો.

**દાદાશ્રી :** હા, એ બહુ ઉપયોગી.

## અક્રમમાં પોતાના સ્વરૂપની જ ભક્તિ

આ ધર્મના જે પુરુષાર્થ બધા ચાલે છે ને, એ તો ખેતરમાં ખેતીવાડી કરે છે. બીજ નાખે તેનું પચાસ-સો ગણું મળ્યા કરે. ધર્મની ખેતીવાડી ! આવતા ભવનું કંઈક આજે વાવે, તે આવતા ભવ સો ગણું લે. બહાર જે ધર્મ ચાલે છે ને, ક્રિયાકાંડ બધી જાતના, એ બધી ખેતીવાડી છે ધર્મની.

**પ્રશ્નકર્તા :** આપણામાંય થોડી ખેતીવાડી ખરી ને ? આપણામાં આરતી-વિધિ નહીં ?

**દાદાશ્રી :** આપણામાં ખેતીવાડી હોતી હશે ? ખુદ ખુદા થઈ ગયા ને !

**પ્રશ્નકર્તા :** આ આરતી કરીએ એ ખેતીવાડી નહીં ?

**દાદાશ્રી :** આ તો આપણે ત્યાં જે આરતી છે એ ખુદની આરતી છે. તમારી પોતાની જ આરતી કરી રહ્યા છો, (અહીં) દરેક માણસ પોતપોતાની જ આરતી કરી રહ્યા છે. અહીં બધું જ પોતાનું છે. આ આરતી પણ પોતે પોતાની જ છે, અમારું કશું નહીં. જેને જેટલું કરતા આવડ્યું એટલું ફાવશે.

આપણે ત્યાં જે પદો ગાય છે ને, તે શું છે ? પોતાની ખુદની જ કીર્તનભક્તિ છે. આપણે ત્યાં ખુદના સિવાય રિલેટિવ વસ્તુ જ નથી. દાદાનું નામ દેવું તે પોતાના જ 'શુદ્ધાત્મા'નું નામ દીધા બરાબર છે. આ પદો ગાય તે પોતાના જ શુદ્ધાત્માનું કીર્તન ગાય, એના જેવું છે.

## જ્ઞાતા-દ્રષ્ટા થઈ બોલાવે એ ખરો પુરુષાર્થ

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' જે બોલાવીએ, એ પુરુષાર્થમાં આવે ?

**દાદાશ્રી :** પુરુષાર્થ જ ને ! મોટો પુરુષાર્થ આ, પોતાની પ્રકૃતિને જુદી જોવી એ !

**પ્રશ્નકર્તા :** આ જે બોલીએ તે પુરુષાર્થ છે અને પેલો જે જ્ઞાતા-દ્રષ્ટામાં રહેવા માટેનો પુરુષાર્થ, આ બેમાં ફેર પડે ખરો કે ?

**દાદાશ્રી :** જ્ઞાતા-દ્રષ્ટાનો પુરુષાર્થ તો, એની વાત જ જુદી ને ! બાકી અત્યારે આ જ્ઞાતા-દ્રષ્ટા જે રહે છે ને, એ ખરેખર જ્ઞાતા-દ્રષ્ટાપણું નથી. એ તો એ માને છે એવું. એની નજીકમાં છે બધાય. આ વકીલો પ્લિડિંગ કરે છે, તે કહેશે, 'મેં બરોબર એક્ઝેક્ટ પ્લિડિંગ કરી છે.' એવું આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલે ને, એ એક્ઝેક્ટ કર્યું, કહેશે. અગર તો જ્ઞાતા-દ્રષ્ટા હું રહું છું તે 'મેં એક્ઝેક્ટ જ કર્યું છે' કહેશે, પણ જ્ઞાતા-દ્રષ્ટા એક્ઝેક્ટ હોતું નથી.

## સિન્સિયારિટીથી થાય ત્યાં સમાધિ સુખ

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલવું છે એવું હોવું જોઈએ, પણ આપણને અંદરથી નથી કરવું એવું હોય, તો ત્યાં આપણી સિન્સિયારિટી કેવી રીતે ડેવલપ કરવી (વિકસાવવી) ?

**દાદાશ્રી :** સિન્સિયારિટી એટલે શું ? એક માણસ શાક સમારે અને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલ્યા કરે છે, એ સિન્સિયારિટી ના કહેવાય. સિન્સિયારિટી તો એ જે બોલ્યા કરે, એને એ વાંચ્યા કરે અને વાંચેલું ખરેખર વાંચે છે કે નહીં, એનો જોનાર રહે પોતે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે અંદરથી વાંચવું જોઈએ ને પછી તેનું શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** બરોબર વાંચે છે કે નહીં, તે જાણવું જોઈએ. એટલે બોલનાર છે, વાંચનાર છે અને જાણનાર છે. જેટલું જાણનારમાં રહ્યો એ સિન્સિયારિટી, વાંચનારમાં આવ્યા એ સેકન્ડ (બીજું) અને આ થર્ડ (ત્રીજું). આ ત્રણેય ક્લાસવાળા સ્ટેશને પહોંચવાના. પણ અંદરનું સુખ જુદું જુદું હોય, પેલું અપર (ઊંચા) ક્લાસનું સુખ હોય.

**પ્રશ્નકર્તા :** જે સૂક્ષ્મ રીતે જોનાર છે તે જુએ છે કે આ વાંચતો નથી બરાબર, તો શું કરવું ?

**દાદાશ્રી :** ના, કશું કરવાનું નહીં. વાંચતો નથી બરોબર એ તમે જાણો છો ને, તો તમે ફર્સ્ટ (પ્રથમ) ક્લાસમાં છો. એ બરાબર વાંચે છે કે નથી વાંચતો એ તમે જાણનાર છો. પછી તમે વાંચો છો ને એ બોલે છે, એ સેકન્ડ ક્લાસમાં છે. અને વાંચતા નથી ને તમે બોલો છો એ થર્ડ ક્લાસમાં. ત્રણેવ એક જ સ્ટેશને પહોંચવાના પણ સુખ જુદા જુદા હોય ત્રણેયના.

**પ્રશ્નકર્તા :** તો દાદા, એ બધા જુદા જુદા સુખ કયા હોય ? કેવી રીતે જુદા સુખ ભોગવે ?

**દાદાશ્રી :** પેલું સંપૂર્ણ સમાધિ સુખ વર્તતું હોય. જોનાર છે ને, એટલે તમે સંપૂર્ણ આત્મા થઈ ગયા અને વાંચનાર રહ્યા એ સિન્સિયારિટી અને વાંચેય નહીં એ સિન્સિયારિટી નહીં.

## અભ્યાસથી વધે શુદ્ધતા

**પ્રશ્નકર્તા :** આપણે હમણાં વાત કરીને કે 'બોલે, પછી વાંચે અને વાંચે એને જુએ.' પણ વંચાતું ના હોય તો બોલે એને સાંભળે અને સાંભળનારને જુએ, એ પણ સિન્સિયર કહેવાય ?

**દાદાશ્રી :** આ જોનાર એ વધારે સારું છે. બધી ડિઝાઈન તો ખરી પણ આના જેવો લાભ નહીં. વાંચે તો બહુ સારું. પછી એને આગળ વાંચવાનું થઈ ગયું અને એ સિદ્ધિ થઈ જાય વંચાતી. એટલે પછી એને જાણવાની ક્રિયા કરવી કે કેટલું વંચાય છે, કેવું ને કયું ? અને એની આગળ પછી સિદ્ધિ રહી નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, પણ જ્યારે સાંભળીએ છીએ ને ત્યારે, અત્યારે આ સ્ટેજ ઉપર સાંભળવામાં એકાગ્રતા વધારે રહે છે વાંચવા કરતા, તો એ સાંભળવા પરથી પછી વાંચવા પર આવવું જોઈએ ?

**દાદાશ્રી :** વાંચવાનું બહુ હેલ્પફુલ (મદદગાર) છે. એ તો પ્રયત્ન કર્યો નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે વાંચવાનું કહો, એ મનમાં વાંચે તેની વાત કરો છો ને ? આંખમાં આમ જોઈને, મનમાં શબ્દો દેખાય તે રીતે તમે કહો છો ને ?

**દાદાશ્રી :** અહીં વાંચીએ છીએ ને, તે દેખાય. 'નમો ભગવતે વાસુદેવાય..' મોટા અક્ષરે દેખાય આમ, સરસ અક્ષરે.

**પ્રશ્નકર્તા :** એમાં પછી વાર લાગે. એટલે દસ મિનિટમાં દસ વાર 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલાય.

**દાદાશ્રી :** વાર લાગે તેનો વાંધો નહીં. ઉતાવળ કરવાની કંઈ જરૂર નહીં, પણ પ્યૉરિટી (શુદ્ધતા) જોઈએ. જેટલું જોઈએ એટલી પ્યૉરિટી.

**પ્રશ્નકર્તા :** આ અક્ષર દેખાવાની પ્યૉરિટી જોઈએ ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** દાદા, એ આ પ્યૉર થયેલું હોય તો જ આવે ને ? તદ્દન શુદ્ધ થયેલું હોય તો જ વંચાય ને અંદરથી ?

**દાદાશ્રી :** ના. એટલે કેટલું વંચાય છે એ જોવું અને ધીમે ધીમે અભ્યાસ કરશો તો અંદર

શુદ્ધ થતું જશે, નહીં થયું હોય તો એ કરશો એટલે શુદ્ધ થઈ જશે આ.

લાખો અવતારે જે પ્રાપ્ત કરવાનું છે, એ આપણે એક અવતારમાં પૂરું કરવાનું છે. અનંત અવતારની ખોટ એક અવતારમાં વાળવાની છે. એટલે આપણે દાદાના કહ્યા પ્રમાણે વધારે વર્તવું પડે. અને માર્ગ સરળ છે, સુગમ છે, સહજ છે !

## દાદાઈ બ્લેન્ક ચેક

આ 'દાદા' એક એવું નિમિત્ત છે, જેમ કે દાદાનું નામ દે ને, તો પથારીમાં હલાતું-ચલાતું ના હોય તોય ઊભું થઈ જવાય. માટે કામ કાઢી લો. એટલે નિમિત્ત એવું છે. તમારે જે કામ કરવું હોય તે થાય એવું છે, પણ એમાં દાનત ખોરી ના રાખશો. કોઈકને ત્યાં લગનમાં જવા માટે શરીર ઊભું થાય, એવું ના કરશો. અહીં સત્સંગમાં આવવા માટે શરીર ઊભું થાય એવું કરજો. એટલે દાદાનો ઉપયોગ સારી રીતે કરજો. એમાં દુરુપયોગ પછી ના થવો જોઈએ. કારણ કે દુરુપયોગ ન થાય તો પછી એ દાદા ફરી મુશ્કેલીના ટાઈમે કામ લાગશે. માટે આપણે એમ ને એમ વાપરવા નહીં.

એક વણિક શેઠ હતા, મિત્ર જેવા. આમ હતા તો શ્રીમંત માણસ, પણ અમારી જોડે બેસે-ઊઠે. એક ફેરો ઈન્કમટેક્ષનો કાગળ આવ્યો હતો. એક વખત મેં એમને કહ્યું કે કંઈક અડચણ આવે તો ગભરાશો નહીં, અમને કહેજો. હવે તે દહાડે તો જ્ઞાન થયેલું નહીં. એટલે સંસારની મરામત કરવી હોય તો અમે કરી આપતા હતા. તે પેલો ઈન્કમટેક્ષનો કાગળ આવેલો ત્યારે મેં પેલા શેઠને કહ્યું, કે એવું કંઈક કહેવું હોય તો કહેજો. ત્યારે કહે છે, કે તમે જે કોરો ચેક આપ્યો છે તે સો એ સો પૂરા થશે ત્યારે વટાવીશ, છેલ્લો શ્વાસ હશે ને, તે ઘડીએ વટાવીશ. નહીં તો આમ તમારો ચેક ના વટાવાય, એ તો મેં રાખી જ મેલ્યો છે !

એટલે આ દાદાના તો બ્લેન્ક ચેક, કોરો ચેક કહેવાય. એ વારેઘડીએ વટાવવા જેવો નહીં, ખાસ અડચણ આવે તો સંકટ સમયની સાંકળ ખેંચજો. સિગરેટનું પાકીટ પડી ગયું હોય અને આપણે ગાડીની સંકટ સમયની સાંકળ ખેંચીએ તો દંડ થાય કે ના થાય ? એટલે એવો દુરુપયોગ ના કરવો.

## દાદાની સાંકળ ખેંચતા આવે નિવેડો

તમને જે દુઃખ છે, તે અમારે તો 'આ બાજુનો' 'ફોન' પકડ્યો ને 'આ બાજુ' (દેવ-દેવીઓને) 'ફોન' કરવાનો ! અમારે વચ્ચે કશું નહીં, ખાલી એક્સચેન્જ કરવાનું. નહીં તો અમને જ્ઞાની પુરુષને આ હોય જ નહીં ને ! જ્ઞાની પુરુષ આમાં કંઈ હાથ ઘાલે નહીં. પણ આ બધાના દુઃખ સાંભળવા પડ્યા છે ને !

હું આ દુનિયાના દુઃખો લેવા આવ્યો છું. તમારા સુખ તમારી પાસે રહેવા દો. તમારા દુઃખો મને સોંપી દો. અને જો તમને વિશ્વાસ હોય તો તે તમારી પાસે નહીં આવે. મને સોંપ્યા પછી તમારો વિશ્વાસ તૂટશે તો તમારી પાસે પાછા આવશે. એટલે તમારે કંઈક દુઃખો હોય તો મને કહેવું, કે 'દાદા, આટલા દુઃખ મને છે, તે હું તમને સોંપી દઉં છું.' એ હું લઈ લઉં તો નિવેડો આવે, નહીં તો નિવેડો કેમ આવે ?

આ 'દાદા'ની કૃપાથી તો બધું ભેગું થાય. કારણ શું ? તેમની 'કૃપા'થી બધા અંતરાયો તૂટી જાય. 'દાદા'ની કૃપા તો મનના રોગોના અને વાણીના રોગોના, દેહના રોગોના એ સર્વ પ્રકારના દુઃખોના અંતરાયોને તોડનાર છે. જગતના સર્વસ્વ દુઃખ અહીં જાય.

'દાદાની સાંકળ' ખેંચે તેનું કામ થઈ જાય. કારણ કે કોઈ કાળે વીતરાગ હોતા નથી ને ! અને આ કાળમાં પૂરા હોય નહીં વીતરાગ, પણ તમામ જીવો માટે અમે તો સંપૂર્ણ વીતરાગ જ છીએ.

કોઈ જગ્યાએ 'હારે' નહીં, એનું નામ જ વીતરાગ ! વખતે દેહ હારે, મન હારે, વાણી હારે પણ એ પોતે ના હારે. વીતરાગ કેવા ડાહ્યા હોય ! વીતરાગનો તો સૈદ્ધાંતિક ધર્મ, એટલે 'કૅશ' (રોકડું) ફળ મળે. મોક્ષનું 'કૅશ' ફળ મળે ! જે મોક્ષદાતા ભગવાન છે, તે નિષ્પક્ષપાતી છે. વીતરાગ ભગવાન મહીં છે, તે નિષ્પક્ષપાતી છે.

### વારસ અહો દાદાના, શૂરવીરતા રેલાવજો

આ તમને ગાદીએ બેસો એવું સુખ છે, છતાં ભોગવતા ના આવડે ત્યારે શું થાય ? એંસી રૂપિયાના મણના ભાવના બાસમતી હોય તેની મહીં રેતી નાખે ! આ દુઃખ આવ્યું હોય તો એને જરા કહેવું તો જોઈએ ને, કે 'અહીં કેમ આવ્યા છો ? અમે તો દાદાના છીએ. તમારે અહીં આવવાનું નહીં. તમે જાઓ બીજી જગ્યાએ. અહીં ક્યાં આવ્યા તમે ? તમે ઘર ભૂલ્યા.' એટલું એમને કહીએ તો એ જતા રહે. આ તો તમે બિલકુલ અહિંસા કરી ! દુઃખ આવે તો તેનેય પેસવા દેવાના ? એને તો કાઢી મૂકવાના. એમાં અહિંસા તૂટતી નથી. દુઃખનું અપમાન કરીએ તો એ જતા રહે. તમે તો તેનું અપમાનેય કરતા નથી. એટલા બધા અહિંસક ના થવાય.

**પ્રશ્નકર્તા :** દુઃખને મનાવીએ તો ના જાય ?

**દાદાશ્રી :** ના, એને મનાવાય નહીં. એને પટાવીએ તો એ પટાવાય નહીં એવું છે. એને તો આંખ કાઢવી પડે. એ નાન્યતર જાતિ છે. એટલે એ જાતિનો સ્વભાવ જ એવો છે. એને અટાવીએ-પટાવીએ તો એ વધારે તાબોટા પાડે અને આપણી પાસે ને પાસે આવતું જાય !

'વારસ અહો મહાવીરના, શૂરવીરતા રેલાવજો,
કાયર બનો ના કોઈ દી, કષ્ટો સદા કંપાવજો.'

આપણે ઘરમાં બેઠા હોઈએ ને કષ્ટો આવે તો તે આપણને દેખીને કંપી જાય ને એ જાણે કે આપણે અહીં ક્યાં ફસાયા ! આપણે ઘર ભૂલ્યા લાગે છે ! આ કષ્ટો આપણા માલિક નથી, એ તો નોકરો છે.

જો કષ્ટો આપણાથી ધ્રૂજે નહીં તો આપણે 'દાદાના' શેના ? કષ્ટને કહીએ, કે 'બે જ કેમ આવ્યા ? પાંચ થઈને આવો. હવે તમારા બધા જ પેમેન્ટ કરી દઈશું.' કોઈ આપણને ગાળ ભાંડે તો આપણું જ્ઞાન તેને શું કહે ? એ તો 'તને' ઓળખતો જ નથી. ઊલટું તારે ચંદુને કહેવાનું, કે 'ભાઈ, કંઈ ભૂલ થઈ હશે તેથી ગાળ ભાંડી ગયો. માટે શાંતિ રાખજે.' આટલું કર્યું કે તારું 'પેમેન્ટ' થઈ ગયું !

### અહો ! કારુણ્યતા જ્ઞાની તણી

હું કહું છું ને કે ભઈ, સત્યાવીસ વર્ષથી તો હું મુક્ત જ છું અને વિધાઉટ ટેન્શન ! એટલે ટેન્શન થતું'તું 'એ.એમ.પટેલ'ને, કંઈ મને ન'તું થતું. પણ 'એ.એમ.પટેલ'નેય ટેન્શન થાય છે ત્યાં સુધી આપણને બોજો જ છે ને ! એ પૂરું થાય ત્યારે આપણે જાણવું કે આપણે છૂટ્યા, અને તોય દેહ છે ત્યાં સુધી બંધન. અને તે તો અમને વાંધો નથી હવે. બે અવતાર થાય તોય વાંધો નથી.

અમારો તો હેતુ શું છે, કે 'આ જે સુખને હું પામ્યો છું એ સુખને આખું જગત પામો.' આપણા સત્સંગનો હેતુ શો છે ? જગત કલ્યાણ કરવાનો હેતુ છે. એ ભાવના કંઈ નકામી જતી નથી. આપણે શું કહીએ છીએ કે સર્વ દુઃખોનો ક્ષય કરો. આ દુઃખો અમારાથી જોવાતા નથી. છતાં અમને 'ઈમોશનલ'પણું થતું નથી, એટલા જોડે જોડે વીતરાગ છીએ. છતાં સામાના દુઃખ અમારાથી સહન ના થઈ શકે. કારણ કે અમે અમારી સહનશક્તિ જાણીએ છીએ. અમારાથી દુઃખ કેવું સહન થતું હતું તે જાણીએ ને, તો એવું

આ લોકો કેવી રીતે સહન કરી શકતા હશે, એ અમને ખ્યાલ છે એનો અને એ જ કારુણ્યતા છે અમારી !

### હે 'દુ:ખો', ગો ટુ દાદા

બહુ દુ:ખ આવી પડે ત્યારે તમારે કહેવું કે જાઓ 'દાદા' પાસે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એવું અમારું દુ:ખ તમને અપાય ?

**દાદાશ્રી :** હા, હા. દાદાને જ બધું આપી દેવાનું ને કહીએ કે ''જા, દાદાની પાસે. અહીં શું છે ? ઈધર ક્યા હૈ ? સબ દે દિયા દાદા કો. અબ ઈધર ક્યોં આયા ?''

**પ્રશ્નકર્તા :** સુખેય આપી દેવાનું ?

**દાદાશ્રી :** ના, સુખ નહીં. સુખ તમારી પાસે રાખવાનું. મને સુખનો શોખ નથી એટલે તમારી પાસે રાખવાનું. તમારાથી દુ:ખ જો સહન ના થાય તો મારી પાસે મોકલી દેવાનું. બે-પાંચ વખત દુ:ખનું અપમાન કરો કે ઈધર ક્યોં આયા હૈ ? દાદા કો દે દિયા હૈ, એટલે એ ઊભું ના રહે. આ પુદ્ગલનો ગુણ કેવો છે કે અપમાન થાય તો ઊભું ના રહે.

જે 'દાદા ભગવાન' છે તે અચિંત્ય ચિંતામણિ છે. જેવો ચિંતવે તેવો (પોતે) થાય. મુશ્કેલીમાં તેમને ચિંતવો તો મુશ્કેલીઓ બધી જતી રહે. જેવું ચિંતવો તેવું ફળ આપે. પછી આપણે શા માટે ભડકવાની જરૂર ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપની પાસે જે માગો એ મળે, કહે છે.

**દાદાશ્રી :** જે માગે એ મળે. એ કહે કે 'મને દર્દ મટી જાવ,' તો એ મટાડશે.

**પ્રશ્નકર્તા :** તો મટાડી દ્યોને આ.

**દાદાશ્રી :** ના, એ તો કહેવું પડે આપણે. તમે ત્યાં ઘેર બેઠા બેઠા કહો તે અમને પહોંચે ત્યાં.

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાન મારું મટાડી દો, કહેવાનું.

હીરાબા : હા, કહેવાનું ને !

**દાદાશ્રી :** ના, એ તો બોલવું પડે પાંચ-દસ મિનિટ એમ, વાત એકલાથી ના થાય. તેથી તો લોકો 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલે ને, તેથી બધું એમને મટી જાય. બધું થાય, માગ્યું હોય તે મળે. તેથી બધા બોલે. એટલે હું હઉ બોલું ને !

સંસારી અડચણ આવે તો 'ચંદુભાઈ'ને કહેવું કે ત્રિમંત્ર બોલો. પછી 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો. તો મુશ્કેલી બધી એને ઘેર જતી રહે.

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલે, એમાં એકાકાર થઈ જાય તો ઘણા દુ:ખો ઓછા થાય ?

**દાદાશ્રી :** અનંત અવતારના દુ:ખ ઓછા થઈ જાય. એકાકાર નહીં પણ અભેદતા થઈ ગઈ ! સંસારમાં વ્યવહારિક અભેદતા હોય છે સ્ત્રી અને પુરુષની, પણ અંદરોઅંદર લઢે ત્યારે ? અને દાદા જોડે તો નિશ્ચયની અભેદતા ઉત્પન્ન કરે છે. એટલે દાદાની જે મિલકત છે એ તમારી મિલકત થઈ.

'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલો જોઈએ, એ કીર્તન કરીએ છીએ. જે ભગવાન છે તેના કીર્તન કરીએ છીએ. રોકડું, ધીસ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન ! આવી કૅશ બૅંક કોઈ વખત નીકળી નથી.

**- જય સચ્ચિદાનંદ**

## ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૨૧ જુલાઈના રોજ વિવિધ સત્સંગ સેન્ટરો ખાતે થનાર ઉજવણી

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું | સંપર્ક |
|---|---|---|---|
| અડાલજ ત્રિમંદિર | સવારે ૮ થી ૧૨-૩૦ | દાદાનગર કન્વેન્શન સેન્ટર, અમદાવાદ-કલોલ હાઈવે. | ૯૩૨૮૬૬૧૧૬૬ |
| અમરેલી ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | બાયપાસ ચોકડી, લીલીયા રોડ. | ૯૯૨૪૩૪૪૪૬૦ |
| અંજાર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૬-૩૦ | ગામ-સિનુગ્રા પાટિયા, તાલુકો-અંજાર. | ૯૫૭૪૦૦૮૧૨૬ |
| ભાદરણ ત્રિમંદિર | સવારે ૯ થી ૧૨-૩૦ | સ્ટેશન રોડ, તા. બોરસદ, જિ. આણંદ. | ૯૯૨૪૩૪૩૭૨૯ |
| ભાવનગર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૬ | રંગોલી પાર્ક પાસે, ભાવનગર રાજકોટ હાઈવે, વરતેજ. | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| ભુજ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | હિલ ગાર્ડન પાછળ, એરપોર્ટ રોડ. | ૯૭૨૭૯૩૪૨૩૧ |
| ગોધરા ત્રિમંદિર | સવારે ૧૦ થી ૪ | FCI ગોડાઉન સામે, ભામૈયા. | ૯૮૨૫૪૩૧૫૦૩ |
| જામનગર ત્રિમંદિર | સવારે ૮-૩૦ થી ૫ | ચેમ્બર ઓફ કોમર્સ પાસે, માણેકનગર. | ૯૯૨૪૩૪૩૬૮૭ |
| જૂનાગઢ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ. | ૯૯૦૯૫૭૭૪૬૮ |
| મોરબી ત્રિમંદિર | સાંજે ૮-૩૦ થી ૬-૩૦ | નવલખી રોડ, જેપુર ગામ. | ૯૮૨૫૨૩૮૦૪૪ |
| મુંબઈ ત્રિમંદિર | બપોરે ૩-૩૦ થી ૮ | ઋષિવન, અભિનવનગર રોડ, કાજુપાડા, બોરીવલી-(ઈ). | ૯૩૨૩૫૨૮૯૦૧ |
| રાજકોટ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | માલિયાસણ ચોકડી, રાજકોટ-અમદાવાદ હાઈવે. | ૯૯૨૪૩૪૩૪૭૮ |
| સુરેન્દ્રનગર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૬ | લોક વિદ્યાલય પાસે, રાજકોટ-મૂળી હાઈવે રોડ. | ૯૧૦૬૯૩૬૪૮૨ |
| વડોદરા ત્રિમંદિર | સવારે ૯ થી ૪-૩૦ | બાબરીયા કોલેજ પાસે, ગામ - વરણામા. | ૬૩૫૪૨૫૩૬૯૩ |
| ધ્રાંગધ્રા ત્રિમંદિર | બપોરે ૩-૩૦ થી ૭-૩૦ | ફન પોઈન્ટ હોટલની પાછળ, હળવદ રોડ. | ૯૫૩૭૫૦૦૪૩૧ |
| ચલામલી/બોડેલી/વાસણા ત્રિમંદિર | સવારે ૮ થી ૧૧-૩૦ | ગામ-ચલામલી, તા-બોડેલી. | ૯૫૭૪૦૦૮૩૫૫ |

### ઉત્તર ગુજરાત ઝોન

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું | સંપર્ક |
|---|---|---|---|
| ભિલોડા-અંબાબર | સવારે ૧૦ થી ૧ | મુ-આંબાબર, ટોરડા રોડ, તા. ભિલોડા, જિ. અરવલ્લી. | ૯૭૨૭૪૮૩૨૬૩ |
| ભિલોડા-કલ્યાણપુર | સવારે ૧૦ થી ૧ | મુ-કલ્યાણપુર, પો-જાયલા, તા. ભિલોડા, જિ. અરવલ્લી. | ૯૪૦૮૦૯૭૨૮૧ |
| હિંમતનગર | સવારે ૯ થી ૧૨-૩૦ | મહાકાળી મંદિર હૉલ, કાંકરોલ રોડ, મહાવીરનગર. | ૯૯૯૮૬૮૭૭૭૬ |
| ઈડર | સાંજે ૫ થી ૮-૩૦ | ૭૩-પરમહંસ સોસાયટી, નવરાત્રિ ચોકની સામે, રેલ્વે સ્ટેશન પાસે. | ૯૯૨૫૪૫૭૦૮૫ |
| કડી | સવારે ૮ થી ૧૨-૩૦ | આદ્ય પુરુષ મંદિર હૉલ, ધરતી સીટી રોડ. | ૯૭૭૩૧૪૫૦૩૧ |
| મહેસાણા | સવારે ૮ થી ૪ | GIDC કોમ્યુનિટી હોલ, FCI ગોડાઉન પાછળ, મોઢેરા રોડ. | ૯૪૦૮૫૫૧૫૦૧ |
| પાલનપુર | સવારે ૯ થી ૩ | કડવા પાટીદાર સમાજની વાડી, ગણેશપુરા. | ૯૯૨૪૯૧૬૭૬૭ |
| પાટણ | સવારે ૯ થી ૩ | કડવા પાટીદારની વાડી, સુભાષ ચોક. | ૯૪૨૯૨૨૪૮૩૩ |
| વાડોઠ | સવારે ૭-૩૦ થી ૧૧ | સિદ્ધેશ્વર મહાદેવ મંદિર. | ૯૯૦૪૦૯૯૩૧૫ |

| | | | |
|---|---|---|---|
| વિજાપુર | સવારે ૮ થી ૧ | રોટરી ક્લબ, ગોવિંદપુરા જૂથ પંચાયત પાસે. | ૯૮૭૯૨૨૭૨૨૭ |
| વિસનગર | સવારે ૯ થી ૧૨ | બીજે માળ, ગોલ્ડ કોઈન સેન્ટર, ગોલ્ડ કોઈન માર્કેટ, સ્ટેશન રોડ. | ૯૮૨૪૦૬૬૨૭૭ |
| ઊંઝા | સવારે ૮ થી ૧૧-૩૦ | શ્રી બાળોજ માતા મંદિર, ગંજ બજાર સામે, સ્ટેશન રોડ. | ૯૫૮૬૪૬૮૨૬૫ |
| મોડાસા | સવારે ૯ થી ૧ | મોડાસા કડવા પાટીદાર છાત્રાલય, મેઘરજ રોડ. | ૯૪૨૭૭૧૩૪૬૭ |

## દક્ષિણ ગુજરાત ઝોન

| | | | |
|---|---|---|---|
| અંકલેશ્વર | બપોરે ૩-૩૦ થી ૭ | જલારામ મંદિર હૉલ, જૂના દિવા રોડ, ભરૂચી નાકા પાસે. | ૯૫૩૭૯૭૭૨૩૧ |
| બારડોલી | બપોરે ૩ થી ૭ | જલારામ મંદિર હૉલ, સ્ટેશન રોડ. | ૬૩૫૪૨૩૯૫૯૭ |
| ભરૂચ | સવારે ૯ થી ૪ | (**સ્થળ** - માટે આપેલ નંબર પર સંપર્ક કરવો) | ૯૯૨૪૩૪૮૮૮૨ |
| કોસંબા | સવારે ૮-૩૦ થી ૨ | સરદારસિંહ રાણા કોમ્યુનિટી હોલ, હાંસોટ રોડ, તરસાડી. | ૯૪૨૮૫૧૯૩૬૬ |
| નવસારી | સવારે ૯:૩૦ થી ૪-૩૦ | 'દાદા દર્શન', વીવાન્તા કેર, લુન્સીકુઈ. | ૯૮૯૮૨૬૪૯૨૧ |
| સુરત (પાર્લે પોઈન્ટ) | સવારે ૯ થી ૫ | ઉમરા SMC કોમ્યુનિટી હૉલ, પાસપોર્ટ ઑફિસ પાછળ, ઉમરા ગામ, પીપલોદ. | ૮૧૫૫૦૦૭૪૭૮ |
| સુરત (સરથાણા જકાતનાકા) | સવારે ૯ થી ૫ | સરથાણા SMC કોમ્યુનિટી હૉલ, પ્રાણી સંગ્રહાલયની સામે, ગુરુકુલ રોડ. | ૯૫૭૪૦૦૮૦૦૭ |
| કીમ **(૨૦ જુલાઈ)** | બપોરે ૩-૩૦ થી ૮ | અંબાજી હૉલ, કીમ પંચાયત સામે, રેલ્વે સ્ટેશન રોડ. | ૯૦૯૯૫૫૫૨૩૨ |
| બીલીમોરા | સવારે ૯ થી ૩ | મંગલદીપ હૉલ, બંદર રોડ. | ૯૮૭૯૭૮૧૩૫૧ |
| ચીખલી | સવારે ૮ થી ૩ | શ્રી ચીખલી તાલુકા ક્ષત્રિય મોચી જ્ઞાતિ પંચ, દુર્લભવાડી, કુંભારવાડ, ઈન્ડિયન ઓવરસીઝ બૅંક પાછળ, સમરોલી. | ૯૨૬૫૫૯૬૨૬૨ |
| વલસાડ | સવારે ૯ થી ૧ | પટેલ સમાજની વાડી, ગવર્મેન્ટ કોલોની સામે, તિથલ રોડ. | ૭૫૬૭૭૬૭૨૧૧ |
| વાપી | સવારે ૯ થી ૧ | ૩૦૨, શગુન સ્ટેપ ઈન, , કોપાર્લી રોડ, ચારવાડા. | ૯૯૨૪૩૪૩૯૮૪ |
| વ્યારા | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | શ્રી અંબાજી માતા મંદિર, મહામાયા કૃપાધામ હોલ, ઉનાઈ નાકા. | ૭૯૮૪૩૪૦૫૨૨ |
| કિલ્લા પરડી | સવારે ૯ થી ૧ | એક લીંગીજી મહાદેવ મંદિર હૉલ, પટેલ સ્ટ્રીટ, દમની ઝાંપા. | ૭૪૦૫૦૪૦૮૪૪ |

## સૌરાષ્ટ્ર - કચ્છ ઝોન

| | | | |
|---|---|---|---|
| બગસરા **(૨૨ જુલાઈ)** | સવારે ૮ થી ૧૨ | નાનજીભાઈ ચેમ્બર, બસ સ્ટેશન રોડ, અમરપરા. | ૯૪૨૬૪૨૨૭૫૧ |
| બોટાદ | સવારે ૯ થી ૪ | શ્રી સતવારા બૉર્ડિંગ, હવેલી ચોક. | ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ધોરાજી | સવારે ૮ થી ૪ | 'દાદા દર્શન', ST બસ સ્ટેશનની બાજુમાં. | ૯૪૨૬૨૨૧૪૯૭ |
| ગોંડલ | બપોરે ૩ થી ૭ | 'દાદા દર્શન', નક્ષત્ર એપાર્ટમેન્ટ પાસે, ગુંદાળા રોડ. | ૯૪૨૭૯૬૩૭૬૭ |

| | | | |
|---|---|---|---|
| જેતપુર | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | પટેલ સમાજ, વિભાગ-૧, કોટડીયા વાડી પ્લોટ, ગાયત્રી મંદિર પાસે. | ૯૮૯૮૦૨૪૦૩૬ |
| માંગરોળ | સવારે ૯-૩૦ થી ૪-૩૦ | બજરંગ વાડી, માંડવી ગેટ પાસે. | ૯૦૩૩૭૬૯૮૯૭ |
| ખાંભા | સાંજે ૪ થી ૭-૩૦ | દાદા ભગવાન સત્સંગ સેન્ટર, શિશુ મંદિર હૉલ, પોસ્ટ ઑફિસની બાજુમાં. | ૯૪૨૭૨૭૯૯૯૪ |
| પાલીતાણા | સવારે ૯ થી ૨ | કપોળ વાડી, સૌરાષ્ટ્ર સિનેમાની બાજુમાં, ST રોડ. | ૯૪૨૯૬૩૮૫૪૨ |
| પોરબંદર | સવારે ૧૦ થી ૫ | સન્યાસી આશ્રમ, રામટેકરી રોડ, ગોકાની વાદીની બાજુમાં. | ૯૯૨૫૩૪૧૬૪૫ |
| રાજુલા | સવારે ૮-૩૦ થી ૧૨ | લુહાર - સુથાર જ્ઞાતિની વાડી, રાજુલા. | ૯૮૨૪૧૬૪૯૪૧ |
| સાવરકુંડલા | સાંજે ૫ થી ૮-૩૦ | 'દાદા દર્શન', કાપેલધાર. | ૯૪૨૭૫૫૫૪૭૬ |
| મહુવા | સાંજે ૪ થી ૮ | મીરાનગર -૮, ગોકુળનગર સામે, મોટા જાદરા રોડ. | ૯૮૨૪૫૬૨૮૮૬ |
| ઉપલેટા | સવારે ૯ થી ૫ | 'દાદા દર્શન', ST બસ સ્ટેન્ડ પાસે, ઢાંકનો માર્ગ. | ૯૯૯૮૫૩૫૦૮૫ |
| વેરાવળ | સવારે ૯ થી ૫ | વેરાવળ નગરપાલિકા કમ્યુનિટી હૉલ, શ્રીપાલ ચોકડીથી આગળ, નવો ડાભોર રોડ. | ૯૯૨૪૩૪૪૪૫૯ |
| ભચાઉ | સાંજે ૪ થી ૮ | 'દાદા દર્શન', વેરાઈ કૃપા હોટલની સામે, વર્ધમાન નગરની બાજુમાં સ્વસ્તિક નગર. | ૯૮૭૯૯૧૯૮૫૮ |
| ધ્રોલ | બપોરે ૩ થી ૭ | પટેલ સમાજ, ST બસ સ્ટેશનની બાજુમાં, ST રોડ. | ૯૮૨૫૩૪૬૩૫૬ |
| દ્વારકા | સાંજે ૫ થી ૮-૩૦ | શ્રી સરસ્વતી શિશુ મંદિર પ્રાથમિક શાળા, કાનદાસ બાપુ આશ્રમની સામે, હાઈવે રોડ. | ૮૯૮૦૭૨૫૫૦૫ |
| વાંકાનેર | સાંજે ૪ થી ૭ | સંઘવી શેરી, પ્રતાપ રોડ, SBI બેંક પાસે. | ૯૪૨૯૯૬૧૧૪૧ |
| ગાંધીધામ | સાંજે ૪ થી ૮ | 'દાદા દર્શન', બીજે માળ, ક્રોમા શો-રૂમ બિલ્ડીંગ, જૂની કોર્ટ રોડ. | ૯૯૨૪૩૪૮૮૪૪ |
| ગેડી | સાંજે ૭ થી ૧૦-૩૦ | ચંડેસર વાસ, ગેડી, તા-રાપર. | ૯૫૧૨૮૩૩૪૭૪ |
| જામ ખંભાળિયા | સવારે ૯ થી ૧ | આહિર સમાજની વાડી, ચાર રસ્તા પાસે, જડેશ્વર રોડ. | ૯૬૨૪૮૧૫૬૬૫ |
| માંડવી | સાંજે ૫ થી ૮:૩૦ | 'દાદા દર્શન', લાખાસર ચોક, શિવ શાંતિ ક્લિનિક પાસે. | ૯૦૩૩૧૫૬૮૪૭ |
| થાનગઢ (૨૨ જુલાઈ) | સાંજે ૪ થી ૭-૩૦ | શ્રી વરિયા પ્રજાપતિ સમાજ વાડી, સર્વોદય સોસાયટી. | ૯૮૭૯૦૭૫૦૭૬ |
| દ્રોણ | સવારે ૯ થી ૫ | 'દાદા દર્શન', ધોરા સ્ટ્રીટ | ૯૭૧૨૪૮૬૫૭૧ |

**મધ્ય ગુજરાત ઝોન**

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ-પૂર્વ | સાંજે ૪-૩૦ થી ૮-૩૦ | શ્રી નરોડા કડવા પાટીદાર સમાજની વાડી, જૂની નરોડા સબ પોસ્ટ ઓફિસ પાસે, દહેગામ રોડ. | ૯૮૨૪૬૮૮૩૯૯ |
| અમદાવાદ-પશ્ચિમ | સવારે ૯ થી ૧ | ડી. કે. પટેલ હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર - બ્લૉક A, નવરંગ સ્કૂલ પાસે, દર્પણ છ રસ્તા પાસે. | ૯૫૭૪૦૦૧૪૪૫ |

| | | | |
|---|---|---|---|
| આણંદ | સવારે ૯ થી ૨ | આણંદ નગરપાલિકા કોમ્યુનિટી હૉલ નં.૧, પાયોનિયર હાઈસ્કૂલ પાસે. | ૯૯૦૯૩૩૯૧૫૦ |
| ખંભાત | સવારે ૯ થી ૧૨-૩૦ | આધ્યાત્મિક હૉલ, BAPS સ્વામીનારાયણ મંદિરની પાછળ, માદળા તળાવ પાસે, મેતપુર રોડ. | ૯૫૮૬૩૯૯૧૧૬ |
| બાવળા | સવારે ૮-૩૦ થી ૧૨ | એમ.સી.અમીન ગર્લ્સ હાઈસ્કૂલ, સ્વામિનારાયણ મંદિર રોડ. | ૭૩૫૯૪૩૬૫૪૦ |
| દહેગામ (**૧૭ જુલાઈ**) | સવારે ૯ થી ૧૨-૩૦ | અમીન વાડી, વારાહી માતા મંદિર સામે. | ૯૯૨૫૧૭૯૭૭૨ |
| ગાંધીનગર | સવારે ૯-૩૦ થી ૩-૩૦ | આંબેડકર ભવન, સેક્ટર-૧૨. | ૯૪૨૭૬૦૯૨૪૫ |
| કઠલાલ | બપોરે ૩:૩૦ થી ૭ | 'દાદા દર્શન', જનતા હોસ્પિટલની નીચે, આધાર મોલની સામે, અમદાવાદ રોડ | ૯૯૨૫૭૪૧૦૮૨ |
| નડિયાદ | બપોરે ૩ થી ૭ | બ્લડ બેંક હૉલ, સંતરામ સોસાયટી રોડ, અલકા સિનેમા પાસે. | ૯૪૨૭૫૭૫૧૫૪ |
| સોજીત્રા | સાંજે ૩-૩૦ થી ૭ | ફૂનીબા સાર્વજનિક મહિલા પુસ્તકાલય, રાવપુરા નાકા, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં. | ૯૯૦૪૯૩૩૭૫૯ |
| તારાપુર | બપોરે ૨ થી ૫ | સંતધામ વાડી, દૂધની ડેરી પાસે. | ૯૭૧૪૪૯૩૯૫૩ |
| વિરમગામ | સાંજે ૪ થી ૭:૩૦ | આનંદ બાલમંદિર સ્કૂલ, લાધાપરા પાસે, ટાવર રોડ. | ૯૨૬૫૬૩૨૫૭૦ |
| દાહોદ | સવારે ૯ થી ૪ | ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, LIC ઑફિસની પાછળ, પોલીસ લાઈન રોડ. | ૯૪૨૭૦૧૩૩૧૯ |
| ડભોઈ | સવારે ૮ થી ૧૨ | વડોદરી ભાગોળ, પંચોલી ફળિયું, SBI ATMની સામે, અંબા ડેન્ટિસ્ટ ક્લિનિક પાસે | ૭૯૮૪૬૬૧૬૦૨ |
| રાજપીપળા | સવારે ૯ થી ૧૨-૩૦ | શ્રી મહારાજા રાજેન્દ્રસિંહ વિદ્યાલય, સિવિલ હૉસ્પિટલ સામે, જલારામ સોસાયટી. | ૯૯૭૮૫૬૮૭૬૬ |

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'आस्था हिन्दी'** पर हर रोज़ रात 10 से 10-20 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7 से 7-30 और दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45, और दोपहर 3-30 से 4 और शनि-रवि दोपहर 11-30 से 12 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ शाम 6-30 से 7 (कन्नड़ा में)

## विभिन्न हिन्दी सत्संग केन्द्रों में आयोजित गुरुपूर्णिमा कार्यक्रम

| सेन्टर | समय | कार्यक्रम का पता | संपर्क |
|---|---|---|---|
| अजमेर | **( 19 जुलाई )** सुबह 10 से 6 | श्री राम धर्मशाला, जवाहर रंगमंच के पीछे. | 9460611890 |
| अमरावती | **( 21 जुलाई )** सुबह 10-30 से 5-30 | रूद्रेश मंगलम्, नंदा मोटर्स के सामने, नवाथे चौक के पास, बड़नेरा रोड़. | 7775810410 |
| अंजड़ | **( 21 जुलाई )** सुबह 9 से 12 | दादा भगवान सत्संग सेंटर, बड़दा-बसावट,भैरव मंदिर के पीछे. | 9617153253 |
| आसनसोल | **( 21 जुलाई )** सुबह 10 से 5 | नंदी नियर बोरतोला हरिमंदिर, जमुरिया नंदी रोड़. | 7679186469 |
| औरंगाबाद | **( 21 जुलाई )** शाम 5-30 से 9 | निमिषा बँगला, पेंडकर हॉस्पिटल के सामने, जुबली पार्क चौक, सेंट्रल बस स्टैंड रोड़. | 9423392849 |
| बक्सा | **( 21 जुलाई )** दोपहर 12 से 3-30 | ग्राम-चंतपारा, थमना, जिला-बक्सा. | 8011249648 |
| बेंगलुरु | **( 21 जुलाई )** सुबह 10-30 से 4 | महाराष्ट्र मंडल, दूसरा क्रॉस, गांधी नगर . | 9590979099 |
| बाड़मेर | **( 21 जुलाई )** दोपहर 1-30 से 4-30 | दिगंबर जैन मंदिर, मॉल गोदाम रोड़. | 9314209457 |
| भिलाई | **( 21 जुलाई )** सुबह 10 से 1-30 | दादा दर्शन, मैत्री गार्डन चोक, पानी की टंकी के पास, मरोड़ा. | 9407982704 |
| भोपाल | **( 21 जुलाई )** सुबह 11 से 3 | SAGE यूनिवर्सिटी केम्पस, सहारा बायपास रोड. | 9826926444 |
| चंडीगढ़ | **( 21 जुलाई )** शाम 4 से 7-30 | गढ़वाल भवन, साईबाबा मंदिर के पास, सेक्टर 29A, चंडीगढ़. | 9780732237 |
| चेन्नई | **( 21 जुलाई )** दोपहर 2 से 5-30 | विश्रांति अपार्टमेंट, 7-ब्रेथवेट रोड़, वेपेरी. | 7200740000 |
| चित्तौड़गढ़ | **( 21 जुलाई )** दोपहर 1 से 4-30 | आईटेक, आई टी आई, 69-70 बालाजी नगर सेगवा हाउसिंग बोर्ड, सेंथी. | 9829749481 |
| कटक | **( 21 जुलाई )** सुबह 9 से 5 | स्थल की जानकारी के लिए दिए गए नंबर पर संपर्क करे. | 7077902158 |
| दर्यापुर (महा.) | **( 22 जुलाई )** शाम 4 से 7-30 | दादा भगवान सत्संग सेन्टर, बनोसा अकोट रोड़. | 7218133513 |
| देहरादून | **( 21 जुलाई )** सुबह 11-30 से 4-30 | 1, अंतरिप विहार, C-12, भारतीय स्टेट बैंक के पास, क्लेमेंट टाउन, टर्नर रोड़. | 9012279556 |
| दमोह | **( 21 जुलाई )** दोपहर 1 से 5 | आम चोम्प्रा कन्या शाला. | 9926985853 |
| धर्मशाला | **( 20 जुलाई )** सुबह 10 से 1-30 | टिक्का लेहसर, वेद मंदिर के पास, योल केंट. | 9805254559 |
| गाज़ियाबाद | **( 21 जुलाई )** सुबह 10 से 3 | हसनदास टावर क्लब हाउस, आदित्य मोल के पास, अहिंसा खंड, इंदिरापुरम. | 9557831357 |
| गोंदिया | **( 21 जुलाई )** दोपहर 3 से 7 | ग्राम-बाजारतोला, पोस्ट-काटी. | 8308777253 |
| गोरखपुर | **( 21 जुलाई )** दोपहर 12 से 3-30 | 95 A, बजरंग नगर कोलोनी के सामने, रामनगर रोड़, गोरखनाथ. | 9935949099 |
| ग्वालियर | **( 21 जुलाई )** शाम 4 से 7-30 | K.S. मेमोरियल हाईस्कूल, गायत्री विहार कॉलोनी, पिंटू पार्क. | 9926265406 |
| हिसार | **( 21 जुलाई )** सुबह 10 से 1-30 | श्री सनातन धर्म मंदिर, मॉडल टाउन, जिंदल चौक. | 9896871690 |
| इन्दौर | **( 21 जुलाई )** सुबह 10 से 4 | पी.एम.बी. गुजराती साइंस कॉलेज, नसिया रोड़. | 9229289533 |
| जबलपुर | **( 21 जुलाई )** दोपहर 3 से 7 | 4th फ्लोर, सिविक सेंटर जलसा हॉल, समदारिया मॉल. | 8103322601 |
| जयपुर | **( 21 जुलाई )** सुबह 10 से 5 | पाथेय भवन, पाथेय कण, सेंट एंसलम्स स्कूल एवं रूंगटा हॉस्पिटल के सामने वाली गली, कैलगिरी मार्ग, मालवीय नगर. | 8890357990 |
| जलंधर | **( 21 जुलाई )** सुबह 8 से 1 | C/O ईगल प्रकाशन, सेन्ट्रल मिल कंपाउंड, पुराना रेल्वे रोड़. | 9814063043 |

| | | | | |
|---|---|---|---|---|
| जलगाँव | **( 21 जुलाई )** | शाम 4 से 7-30 | झुलेलाल हॉल, R.R. विद्यालय से सामने, गुरुद्वारा के पास. | 9420942944 |
| जैतारण | **( 21 जुलाई )** | शाम 4 से 8 | उदावतो की पोल, लोटोती. | 9413172239 |
| जमशेदपुर | **( 21 जुलाई )** | सुबह 10-30 से 5 | पासपंडित दीनदयाल उपाध्याय सामूहिक विकास भवन, मगदम छठ घाट के पास, बर्मा माइन्स. | 9031292567 |
| जोधपुर | **( 25 जुलाई )** | दोपहर 3 से 6-30 | नागरिक मण्डल भवन, नेहरू पार्क. | 9828360301 |
| झाँसी | **( 21 जुलाई )** | दोपहर 3 से 6-30 | मकान नं-2180, गिलेस्पी हॉल के पास, खाती बाबा रोड़. | 9415588788 |
| काशीपुर | **( 21 जुलाई )** | सुबह 8 से 11-30 | जगदम्बा विहार कॉलोनी, द्रोणसागर रोड, काशीपुर, उधमसिंह नगर. | 9457635398 |
| खरगोन | **( 21 जुलाई )** | सुबह 10 से 3 | दिगंबर जैन धर्मशाला, ऊन. | 9753141714 |
| कोल्हापूर | **( 21 जुलाई )** | सुबह 10 से 4 | महालक्ष्मी हॉल साईक्स एक्स्टेंशन, महागांवकर मार्ग, स्वयंसिध्दा शेजारी, शाहुपुरी. | 7499898426 |
| कोलकाता | **( 21 जुलाई )** | सुबह 9-30 से 5 | श्रीमद् राजचंद्र आत्म तत्व रिसर्च सेंटर, भवानीपोर. | 9830080820 |
| लखनऊ | **( 21 जुलाई )** | दोपहर 2 से 5-30 | नंदना, निकट प्राईमरी स्कूल, बख्शी का तालाब, लखनऊ. | 9839265016 |
| लुधियाना | **( 21 जुलाई )** | दोपहर 3 से 6-30 | 170 F - नकिचलू नगर, लुधियाना. | 9465051163 |
| मैनपुरी | **( 21 जुलाई )** | शाम 4 से 7-30 | दादा भगवान सेंटर, रामदेवी कॉलोनी, राधा रमण रोड़. | 8392920117 |
| मालदा | **( 21 जुलाई )** | सुबह 9 से 5 | सुकांता पाली, पो-रतुआ, मालदा. | 7908922840 |
| नागपुर | **( 21 जुलाई )** | सुबह 9 से 12-30 | कच्छी व्हिसा ओसवाल भवन, लकड़गंज. | 9325412107 |
| नवादा | **( 21 जुलाई )** | दोपहर 12 से 3-30 | दुर्गा स्थान के पास, बिजली ऑफिस के सामने, गया रोड़. | 9128949491 |
| नाशिक | **( 21 जुलाई )** | दोपहर 3 से 7 | आर.पी. विद्यालय, निमाणी बस स्टैंड के पास, पंचवटी. | 9028939681 |
| नांदेड़ | **( 21 जुलाई )** | दोपहर 3 से 7 | घर नं-16, महावीर सोसाइटी, नारायणी हॉस्पिटल रोड़, शिवाजी नगर. | 8806665557 |
| पाली | **( 23 जुलाई )** | शाम 4 से 7-30 | मेवाड़ा समाज भवन, रजत विहार कॉलोनी, नयागांव रोड़, पाली. | 9252065202 |
| पटना | **( 28 जुलाई )** | सुबह 9 से 5 | महाराणा प्रताप भवन, आर्य कुमार रोड़. | 9431015601 |
| पोंडा(गोवा) | **( 21 जुलाई )** | दोपहर 3 से 6-30 | पाटीदार भवन, मारुति मंदिर के पास, दवोर्ली, मडगांव. | 8698745655 |
| प्रयागराज | **( 21 जुलाई )** | दोपहर 3 से 7 | हिन्दुस्तान एकेडमी, सिविल लाइन्स, हनुमान मंदिर के पास. | 9935378914 |
| पुणे | **( 21 जुलाई )** | सुबह 10 से 8 | महावीर प्रतिष्ठान स्कूल, सेलिसबरी पार्क रोड़, गुलटेकड़ी. | 9422660497 |
| रायपुर | **( 21 जुलाई )** | सुबह 10 से 4 | दादा दर्शन, गुजराती लुहार समाज भवन, रिंग रोड 2, गोंदवारा. | 9179025061 |
| राजनगर खास (चंबा) | **( 21 जुलाई )** | सुबह 10 से 1-30 | दादा भगवान सत्संग केन्द्र, राजनगर खास. | 9418655529 |
| सतारा | **( 21 जुलाई )** | सुबह 11 से 5 | 929, आदर्श अपार्टमेंट, भावे सुपारी के पास, शनिवार पेठ. | 7350998503 |
| सिद्धार्थनगर | **( 21 जुलाई )** | शाम 4 से 7-30 | ग्राम हरदासपुर खास, पोस्ट शिवपतिनगर, थाना मोहाना. | 7376065054 |
| सोलापुर | **( 21 जुलाई )** | दोपहर 12 से 6 | ऐशानी बंगलो, वसंत विहार निखिल थोबडे नगर, साई सुपर मार्केट के पीछे. | 9284188494 |
| उदयपुर | **( 21 जुलाई )** | दोपहर 2-30 से 5-30 | 13 गोकुल विलेज, गिरिजा व्यास पेट्रोल पंप के पास, गीतांजलि हॉस्पिटल लिंक रोड़, तितरणी (सेक्टर 9). | 9079965949 |
| उज्जैन | **( 21 जुलाई )** | सुबह 9-30 से 1 | आचार्य विद्यासागरजी अतिथि भवन, बैंक ऑफ़ बड़ौदा के सामने, फ्रीगंज. | 9826487407 |
| वाराणसी | **( 28 जुलाई )** | सुबह 10 से 2 | श्री श्रृंगेरी शंकराचार्य मठ, महमूरगंज. | 9794849099 |

## Atmagnani Pujya Deepakbhai's USA - Canada Schedule - 2024

USA & Canada: +1-877-505-DADA (3232) Email - info@us.dadabhagwan.org

| Date | Day | From | To | Event | Venue |
|---|---|---|---|---|---|
| 6-Jul | Sat | 5.30 pm | 7.00 pm | **Satsang** | **New Jersey**<br>DoubleTree by Hilton Somerset<br>200 Atrium Dr<br>Somerset, NJ 08873 |
| 7-Jul | Sun | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 7-Jul | Sun | 5.00 pm | 8.00 pm | **Gnanvidhi** | |
| 8-Jul | Mon | 10:00 AM | 1:00 PM | **Niruma Gnan Day Celebration** | |
| 12-Jul | Fri | 7:00 PM | 9:30 PM | **Satsang** | **Toronto, Canada**<br>Renaissance by the Creek<br>3045 Southcreek Rd<br>Mississauga, ON L4X 2X7 |
| 13-Jul | Sat | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 13-Jul | Sat | 5:00 PM | 8:00 PM | **Gnanvidhi** | |
| 17-Jul | Wed | 10:00 AM | 12:30 PM | **Satsang** | **Chicago, IL**<br>Schaumburg Convention Center<br>1551 Thoreau Dr N<br>Schaumburg, IL 60173 |
| 17-Jul | Wed | 4:30 PM | 7:00 PM | **Satsang** | |
| 18-Jul | Thu | 10:00 AM | 12:30 PM | **Satsang** | |
| 18-Jul | Thu | 4:30 PM | 7:00 PM | **Satsang** | |
| 19-Jul | Fri | 10:00 AM | 12:30 PM | **Pran Pratistha** | |
| 19-Jul | Fri | 4:30 PM | 7:00 PM | **Satsang** | |
| 20-Jul | Sat | 10:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 20-Jul | Sat | 4:30 PM | 7:30 PM | **Gnanvidhi** | |
| 21-Jul | Sun | 8:00 AM | 9:00 AM | **Gurupu. Pujan, Aarti, Message** | |
| 21-Jul | Sun | 10:00 AM | 12:30 PM | **Gurupurnima Darshan** | |
| 21-Jul | Sun | 4:30 PM | 7:00 PM | **Gurupurnima Darshan** | |
| 22-Jul | Mon | 10:30 AM | 12:00 PM | **Satsang** | |
| 27-Jul | Sat | 5:00 PM | 7:30 PM | **Satsang** | **Los Angeles, CA**<br>Jain Center of Southern CA<br>8072 Commonwealth Ave<br>Buena Park, CA 90621 |
| 28-Jul | Sun | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 28-Jul | Sun | 4:30 PM | 7:30 PM | **Gnanvidhi** | |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના અડાલજમાં આગામી સત્સંગ કાર્યક્રમો

**૧૦ ઓગષ્ટ** (શનિ) - **સત્સંગ** તથા **૧૧ ઓગષ્ટ** (રવિ) - **જ્ઞાનવિધિ**

**૨૬ ઓગષ્ટ** (સોમ) - રાત્રે ૧૦ થી ૧૨-૧૫ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૩૧ ઓગષ્ટ થી ૭ સપ્ટેમ્બર** (શનિ થી શનિ) - **આપ્તવાણી ૧૪ ભાગ-૪** ગ્રંથ પર **પર્યુષણ પારાયણ**

**૮ સપ્ટેમ્બર** (રવિ) - **પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ (ગુરુ પૂર્ણિમા દર્શન)**

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧ **ભાવનગર :** ૯૩૧૩૮૮૨૨૮૮ ; **અમદાવાદ (દાદા દર્શન) :** ૯૫૭૪૦૦૧૪૪૫ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫


**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## બિલીમોરા સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૫-૧૬ મે ૨૦૨૪


સત્સંગ


દર્શન


## અડાલજ PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર : ૨૨ થી ૨૬ મે ૨૦૨૪






## અડાલજ હિન્દી શિબિર : ૫ થી ૯ જૂન ૨૦૨૪




પ્રભાત ફેરી




નાટક


સત્સંગ


પુસ્તક વિમોચન


દર્શન

## અડાલજ આપ્તસંકુલમાં ભક્તિ : ૧૨ જૂન ૨૦૨૪





જુલાઈ ૨૦૨૪
વર્ષ-૨૯, અંક-૧૧
સળંગ અંક-૩૪૭

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## દાદાઈ બ્લેન્ક ચેક ક્યારે વપરાય?

આ 'દાદા' એક એવું નિમિત્ત છે, જેમ કે દાદાનું નામ દે ને, તો પથારીમાં હલાતું-ચલાતું ના હોય તોય ઊભું થઈ જવાય. તમારે જે કામ કરવું હોય તે થાય એવું છે, પણ એમાં દાનત ખોરી ના રાખશો. કોઈકને ત્યાં લગનમાં જવા માટે શરીર ઊભું થાય, એવું ના કરશો. અહીં સત્સંગમાં આવવા માટે શરીર ઊભું થાય એવું કરજો. એટલે દાદાનો ઉપયોગ સારી રીતે કરજો. એમાં દુરુપયોગ પછી ના થવો જોઈએ. કારણ કે દુરુપયોગ ન થાય તો પછી એ દાદા ફરી મુશ્કેલીના ટાઈમે કામ લાગશે. માટે આપણે એમ ને એમ વાપરવા નહીં. એટલે આ દાદાનો તો બ્લેન્ક ચેક, કોરો ચેક કહેવાય. એ વારેઘડીએ વટાવવા જેવો નહીં, ખાસ અડચણ આવે તો સંકટ સમયની સાંકળ ખેંચજો. સિગરેટનું પાકીટ પડી ગયું હોય અને આપણે ગાડીની સંકટ સમયની સાંકળ ખેંચીએ તો દંડ થાય કે ના થાય ?

- **દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, બેચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.